જાણવા જે અભ્યાસ કરવો પડે તેને જૈનશાસ્ત્રોમાં ગ્રહણશિક્ષા કહેલ છે. માટે ભાવથી સમ્યક્ચારિત્ર પાળનારાઓને કે આસેવનશિક્ષા સેવનારાઓને સાથે સાથે સૂત્રો ભણાવવા, અર્થો સમજાવવા, રહસ્યો સમજાવવા ગ્રહણશિક્ષાની પણ જરૂર પડે છે.

આથી ગ્રહણશિક્ષા એટલે સમ્યગ્જ્ઞાન અને આસેવનશિક્ષા એટલે સમ્યક્ચારિત્ર એ મુક્તિનો ઉપાય છે.

પૂર્વના જ્ઞાની પુરુષોએ જીવો સમ્યગ્જ્ઞાનમાં આગળ વધે તે માટે જુદી જુદી ભૂમિકામાં રહેલાં જીવોને લક્ષ્યમાં રાખીને તે તે જીવોના હિતને માટે શ્રી જિનાગમરૂપી સમુદ્રમાંથી ઉદ્ધરીને અનેક પ્રકરણાદિ ગ્રંથરત્નોની રચના કરી છે, તે ગ્રંથોનો સૂક્ષ્મદૃષ્ટિથી અભ્યાસ કરવામાં આવે તો જીવાદિ તત્ત્વોનું વાસ્તવિક જ્ઞાન પ્રાપ્ત થવાથી આચારશુદ્ધિ તથા વિચારશુદ્ધિ પણ સારી રીતે થવા પામે.

આ શ્રી જિનગુણરત્નાકર, કૈવલ્યમુક્તિસારસંગ્રહ ગ્રંથના સંગ્રાહિકા પૂ૦ સા૦ શ્રી મુક્તિશ્રીજી મ૦ શ્રી એ ૧૩ વર્ષની બાલ્યઅવસ્થામાં પરમપાવની ભાગવતી દીક્ષા અંગીકાર કરી, ગુરુકુળવાસમાં રહી નાના-મોટા અનેક ગ્રંથોનો અભ્યાસ તથા વાંચન આદિ કરી તેના પરિપાકરૂપે અભ્યાસ-કાળ દરમ્યાન અનેક નોંધો કરી હતી.

તે નોંધણુકો ઘણા પૂ૦ મુનિરાજો તથા પૂ૦ સાધ્વીજી મહારાજો વાંચવા-વિચારવા અવારનવાર લઈ જતા હતા અને ઘણાય વાચકોની માગણી હતી કે આ નોંધોને ગ્રંથરૂપે પ્રસિદ્ધ કરવામાં આવે તો અનેક જીવોને તે ઉપયોગી થાય.



જન્મ–દેઢીયા
સં. ૧૯૬૯

ઉપાધ્યાયપદ
ગેરાડિ
સં. ૧૯૯૮



દીક્ષા–દેઢીયા
સં. ૧૯૯૩

આચાર્યપદ
મુંબઇ
અક્ષયતૃતીયા
સં. ૨૦૧૨

પરમ પૂજ્ય તીર્થસ્વરૂપ ગણાધિપતિ પૂ૦ દાદાસાહેબશ્રી **ગૌતમસાગરજી** મ.ના પટ્ટધર વિદ્વદ્વર્ય પ્રખરવક્તા આર્યરક્ષિત જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ સંસ્થાપક તીર્થપ્રભાવક અચલગચ્છાધિપતિ પ. પૂ૦ આચાર્યદેવશ્રી

૧૦૦૮ શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ

ગચ્છાધિપતિપદ તથા તીર્થપ્રભાવક બિરુદ વીર નિર્વાણ ૨૫૦૦ ભદ્રેશ્વરતીર્થ)

[illegible] પૂ૦ આચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરિ મ૦ [illegible] [illegible] શ્રી અજીતસાગરસૂરિજી મ૦ [illegible] પૂ૦ મહારાજશ્રીની [illegible] [illegible] [illegible] [illegible] [illegible] પ્રથમ [illegible] [illegible] (૫૦ [illegible]) [illegible] [illegible] [illegible] પૂ૦ આ૦ શ્રી અજીતસાગરસૂરિજી [illegible] પૂ૦ આ૦ શ્રી [illegible] [illegible] [illegible]

પૂ૦ આ૦ શ્રી બુદ્ધિસાગરસૂરિ મ૦ [illegible] [illegible] પૂ૦ મહારાજશ્રી [illegible] [illegible]


પૂ૦ [illegible] બુદ્ધિસાગરસૂરિ [illegible]

ચિત્રકળામાં પણ સારા નિષ્ણાત છે. તેઓશ્રીએ કાપડ વગેરે ઉપર જંબૂદ્વીપ અઢીદ્વીપ, નંદીશ્વરદ્વીપ, ચૌદ રાજ· લોક, લોકાલોક, ૧૦૨૪ અર્હંમય પટ્ટ, શ્રી નમસ્કાર મહામંત્ર પટ્ટ, આગમપુરુષ, વિષયવૃક્ષ, મેરુપર્વત આદિ અનેક ચિત્રપટ્ટો મોટી સંખ્યામાં પોતાની જાતે તૈયાર કરી ઘણી પાઠશાળાઓ તથા શ્રી સંઘોને સમર્પિત કરી તે તે વિષયના અભ્યાસકો ઉપર ઘણો જ ઉપકાર કર્યો છે.

તેઓશ્રીમાં મોટામાં મોટો ગુણ અત્યંત શાંત સ્વભાવ ગાંભીર્ય અને સ્વાધ્યાયમગ્નપણાનો છે. શરીર અસ્વસ્થ હોવા છતાં પ્રતિસમય ગિરિરાજ, વીતરાગ પરમાત્મા, નવકારમંત્રનુ ધ્યાન અને આરાધનાવિષયક ગ્રંથોના વાંચનમાં મગ્ન રહે છે.

આ ગ્રંથનું પ્રકાશન કરતાં શુદ્ધિ ઉપર પૂરતું લક્ષ આપવામાં આવ્યું છે, છતાં દૃષ્ટિદોષથી, પ્રેસદોષથી કે પ્રજ્ઞાપરાધ પણાને લીધે શ્રી જિનેશ્વર પરમાત્માના આગમથી કોઇ વસ્તુ વિરુદ્ધપણે આવી જવા પામી હોય તો તેની અંતઃકરણથી ક્ષમા યાચીયે છીએ. અભ્યાસીવર્ગને જે મહત્ત્વથી ભૂલો જણાય તે પૂ૦ મહારાજશ્રીને જણાવવા વિજ્ઞપ્તિ છે જેથી ભાવિષ્યમાં તે સુધારી લેવામાં આવશે.


શરૂઆતથી આ ગ્રંથ ૪૦ ફર્મોમાં સમાવેશ કરવાનો નિર્ણય કરેલ અને કાગળો પણ તે પ્રમાણે ખરીદ કરવામાં આવેલ, પ્રેસમેટર તૈયાર થતાં ઘણું વધી જવાથી બંનેય વિભાગોમાથી કેટલુંક મેટર રદ કરવું પડેલ છે. કારણ કે બધું મેટર લેવામાં આવે તો ગ્રંથનું કદ ઘણું વધી જાય



તીર્થપ્રભાવક અચલગચ્છાધિપતિ આચાર્યદેવ

૧૦૦૮ શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા.ના આજ્ઞાવર્તિની

- જન્મ -
વિ. સં. ૧૯૬૭
અષાડ સુદ ૬
કચ્છ-સાંધવ



- દીક્ષા -
વિ. સં. ૧૯૮૧ના
કારતક વદ ૬
કચ્છ-જસાપર

પૂ૦ સાધ્વીજીશ્રી કેવલશ્રીજી મ.ના શિષ્યા આબાલબ્રહ્મચારિણી

પૂ૦ સાધ્વીજી શ્રી મુક્તિશ્રીજી મહારાજ

[illegible] વગેરે ગ્રંથોને પણ ભવિષ્યમાં અનુક્રમે અમારે પ્રસિદ્ધ કરવામાં આવશે.

[illegible]

અંતમાં આ ગ્રંથનું [illegible] [illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

લિ. સંચાલક,
[illegible]
[illegible]
[illegible]



સ્વર્ગસ્થ શ્રી મેઘજીભાઈ પેથરાજભાઈ શાહની જીવન ઝરમર.



શ્રી મેઘજીભાઇનો જન્મ ૧૯૦૩ની સાલમાં જામનગર નજીકના ડબાસંગ નામના નાના ગામમાં થયો હતો. ત્યાં સ્થાનિક ગામઠી નિશાળમાં ગુજરાતી પાંચમા ધોરણ સુધી તેમણે અભ્યાસ કર્યો અને ત્યાં જ તેમના ભણતરનો અંત આવ્યો. નબળી આર્થિક સ્થિતિ અંગે આગળ અભ્યાસ કરી શકેલ નહિં. સોળ વરસની ઉંમરે તેઓ આફ્રિકા (કેન્યા) ગયા, ત્યાં તેમનો માસિક પગાર રૂપીઆ પચ્ચીશ હતો અને તે ઉપરાંત રહેવાનું તથા જમવાનું તેમને મળતું.

કેન્યામાંથી તેઓએ વેપાર-ધંધામાંથી અંગત ફાયદા પુરતું ૧૯૫૩ની સાલમાં સદંતર નિવૃત્તિપણું લઇ લીધું. ભયંકર ગામડાની ગરીબાઇમાં જન્મેલ તેમણે જ્યારે નિવૃત્તિ લીધી તે વરસોમાં બહુ વિશાળ પાયા ઉપર અનેકવિધ વેપાર આફ્રિકામાં જમાવ્યો, સેંકડો માણસો તેમની તાબેદારીમાં હતા, અને વરસો સુધી તેમની તમામ વેપારી પેઢીઓ દિનપ્રતિદિન પ્રગતિ કરતી ગઇ ગરિબાઇ, તંગી, પરાધીનતા, પોતે જ ભોગવેલ હોઇ તેમણે અનુભવ્યું કે ભારત તથા આફ્રિકા જેવા ગરીબ અને પછાત દેશોમાં ગરીબોને કેળવણી અને દવાખાનાઓની
ડતાઓની સૌથી વધારે મહત્વની જરૂરીઆતો ગણાય.





શ્રીમતી મણીબેન મઘજી પેથરાજ શાહ

જન્મ તા. ૮ એપ્રીલ ૧૯૧૮ (ચૈત્ર સુદ ૧૩)

[illegible]

[illegible]

[illegible]

સતત જાળવી રાખ્યું, અને તેમનું આ કામ હોંશથી જ [illegible]-શથી તેમના પત્ની શ્રીમતી મણીબ્હેન અને તેમના સુપુત્રો શ્રી બીપીન જે બારીસ્ટર થયેલ છે અને શ્રી અનંત કે જેણે ઇકોનોમીકસ વિષયમાં ડીગ્રી લીધેલ છે તેમણે સતત જાળવી રાખેલ છે અને કેન્યામાં, ભારતમાં અને વિલાયતમાં અનેક દાનો આપેલ છે.

શ્રી મેઘજીભાઇના અવસાન પછી લગભગ પાંચ લાખ પાઉન્ડની રકમ કુટુંબના ટ્રસ્ટો તરફથી તેમણે આપેલ છે. (લગભગ ૯૦ લાખ રૂપીઆ) આવા દાનોમાં કેન્સર હોસ્પીટલ, કોબાલ્ટ યુનીટ, ટેક્નીકલ ઇન્સ્ટીટ્યુટો, કોલેજો અને સ્કોલરશીપોનો સમાવેશ થાય છે, ભારત અને કેન્યાને આ વિશેષ લાભો આપેલ છે આ ઉપરાંત લંડનમાં હેમરસ્મીથ હોસ્પીટલમાં લેકચર થીએટર બનાવવા માટે પાઉન્ડ ૧૯૦૦૦ અને તે ઉપરાંત વિલાયતની કેટલીય ધર્માદા સંસ્થાઓને મર્યાદિત રકમો આપેલ છે.

તદુપરાંત શ્રી જિનેશ્વર દેવોએ બતાવેલ સાત ક્ષેત્રોમાં પણ લાખો રૂપિયાનો વ્યય કરેલ છે. હાલમાં તેમના ધર્મપત્ની શ્રીમતી મણીબેન પણ ખૂબ જ સારી રીતે ધાર્મિક કાર્યોમાં પુણ્યાઇથી પ્રાપ્ત થયેલ લક્ષ્મીનો સદ્વ્યય કરી પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કરી રહ્યા છે.



વિષયાનુક્રમ

વિભાગ પહેલો

ભાગ બીજો

[illegible] પૃષ્ઠ ૩૪૪ થી ૬૪૦

([illegible])

શુદ્ધિપત્રક

નંબર	લાઇન	અશુદ્ધ	શુદ્ધ
૧૩	૨૨	ઢગમાં	ગઢમાં
૫૫	૧	માગ્રે છે	નાચે છે
૬૯	૫	ડરનાર છો	ડરનાર ડર છો
૧૦૬	૨૧	સ	સૂર્યની
૧૦૭	૨૦	અક્ખાસણી	અક્ખાણસોણી
૧૦૮	૧૪	આચિત્ય	ઔચિત્ય
૧૨૩	૧૧	રાહત	રહિત
૧૩૯	૨૨	ઉપરતી	ઉપરની
૧૫૬	૧૪	શ્રત	શ્રુત
૧૬૩	૨૧	પ્રાયાશ્રત	પ્રાયશ્ચિત
૧૬૬	૮	આ આ	આ
૧૭૭	૨૦	દ્રવ્યાયક	દ્રવ્યાર્થિક
૨૦૧	૩	અને આદિની	આદિની
૨૦૫	૪	બરાબર	ખરાબ
૨૦૮	૧૪	ભણાવપાની	ભણાવવાની
૨૧૩	૭	સામગ્રા	સામગ્રી
૧૧૪	૫	ગ્રાનને	જ્ઞાનને
૧૧૬	૧૨	ધ્યાવે	ધ્યાવે
૨૨૨	૧૩	યાગાન્ન	યોગાન્ન
૨૩૬	૧૭	પેડે	પેડે
૨૪૧	૧૧	ગાવષ્ટ	ગરિષ્ટ
૨૫૯	૧૪	એ	મન
૨૮૪	૧૪	વિચત્ર	વિચિત્ર
૨૮૭	૭	કંધ	કંઈ કરે
૨૮૭	૨૦	સધુ	સાધુ
૨૯૪	૬	માગે	માથે
૨૯૮	૭	એ	એ વીસ

શ્રી જિન–ગુણ–રત્નાકર–કૈવલ્ય–મુક્તિ

卐 સારસંગ્રહ 卐

नमस्कारसमो मन्त्रः, शत्रुञ्जयसमो गिरिः ।
वीतरागसमो देवो, न भूतो न भविष्यति ॥१॥



શ્રી ગિરિરાજ ઉપર–પગલે પગલે

* પવિત્રભાવના *

૧ કાંકરે કાંકરે સિધ્યા અનંતા, આ સિદ્ધભૂમિને વંદન.
૨ સિદ્ધ થવા નમું સિદ્ધ અનંતા, શુદ્ધ થવા નમું સિદ્ધ અનંતા.
૩ હે જગદીશ્વર ! જીવન જીવતાં શીખવો.
૪ હે જગદ્ગુરુ ! રાગદ્વેષની જંજાળથી બચાવો.
૫ હે જગ આલંબન ! પરાવલંબનથી છોડાવો.
૬ હે જગદાનંદ ! આત્માનંદની પ્રાપ્તિ કરાવો,
૭ હે જીવિતેશ્વર ! સમ્યગ્ જીવનની દૃષ્ટિ આપો.
૮ હે જગન્નાથ ! ભવભ્રમણથી ઉગારો.
૯ હે જગજીવન ! જીતેન્દ્રિય બનવા બળ આપો.
૧૦ હે જગદાધાર ! ભવોભવ તમારૂં શરણુ હોજો.
૧૧ હે જગદ્દીપક ! અમારા જીવનમાં પ્રકાશ પૂરો.
૧૨ હે જગદ્વત્સલ ! પ્રેમભક્તિના પાન કરાવો.
૧૩ હે તારકદેવ ! સંસારસાગરથી તારો, તારો.

૧૪ હે ગુણસાગર ! ગુણદૃષ્ટિ ઉઘાડો. ઉઘાડો.
૧૫ હે સર્વજ્ઞદેવ ! જ્ઞાનદૃષ્ટિ આપો. આપો.
૧૬ હે વીતરાગપ્રભુ ! રાગદ્વેષનો નાશ કરો,
૧૭ હે કૃપાસાગર ! મનઃશુદ્ધિની કૃપા કરો.
૧૮ હે ભગવંત ! આપના દર્શન ભવોભવ આપો.
૧૯ હે દેવાધિદેવ ! મુક્તિનું દ્વાર બતાવો, બતાવો.
૨૦ હે તીર્થાધિરાજ ! પગલે પગલે અમારી ભાવના ઉચ્ચ ને ઉચ્ચ બનો. અમારું મન નિર્મળ બનો. અમારા જીવનમાં પ્રાણ પ્રગટાવો. સિદ્ધ સ્વભાવની સાધના કરવા સામર્થ્ય આપો.

* પ્રભુજી આગળ વિનતિ *

૧ હે મારા વ્હાલા દાદા ! મને દર્શન આપો આપો.
૨ હે સુખસાગર પ્રભુ ! મને મોક્ષસુખ આપો આપો.
૩ હે કરૂણાસાગર ! મને સંસારસાગરથી તારો તારો.
૪ હે ભક્તવત્સલપ્રભુ ! આ સેવકની અરજી સ્વીકારો.
૫ હે જગજીવનપ્રભુ ! જગતના જીવોનો ઉદ્ધાર કરો.
૬ હે દીનાનાથ ! આ પામર ઉપર દયા કરો દયા કરો.
૭ હે ભવતારક પ્રભુ ! મને ભવથી ઉગારો ઉગારો.
૮ હે શરણાગતપ્રભુ ! મને આપનું શરણું છે.
૯ હે તારણહાર પ્રભુ ! આપની કૃપાથી હું અજ્ઞાનદશા છોડીને સ્વભાવમાં રમણતા કરું, ઉદાસીનતાવૃત્તિ રાખું ક્ષાયિક સમકિત પ્રગટે, અને યથાખ્યાત ચારિત્ર પ્રાપ્ત થાય.

શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કાર મંત્ર

[ચાર નિક્ષેપાયુક્ત-વિવેચન સાથે]

(સંગ્રાહિકા :: પૂ૦ સાધ્વી શ્રી મુક્તિશ્રીજી મહારાજ)



" नमो अरिहंताणं " એટલે અરિહંત ભગવંતોને નમસ્કાર થાઓ. अरि- એટલે કર્મરૂપી શત્રુ તેને हत- એટલે હણનારા છે. વલી अर्हन् એટલે ઇન્દ્રોને પણ પૂજ્ય છે. વલી अरुहत्- એટલે જેમને ફરીથી જન્મ નથી, તેમને મરણ ક્યાંથી હોય? કારણ કે જેમનું ભવરૂપી બીજ દગ્ધ થઇ ગયું છે.

તે અરિહંત ભગવાન્ કેવા છે ? બાર ગુણે કરી સહિત છે. આઠ મહાપ્રાતિહાર્યોએ કરીને સુશોભિત છે. ચોત્રિશ અતિશયવાળા છે. પાંત્રીસ વાણીના ગુણોએ કરી યુક્ત છે. સમવસરણમાં બીરાજમાન છે. બાર પર્ષદા આગળ દ્વાંદશાંગીનો ઉપદેશ આપે છે. અઢાર દૂષણ રહિત છે. તે અઢાર દૂષણ આ પ્રમાણે-અજ્ઞાનદશા, મિથ્યાત્વ, હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, દુગંચ્છા, સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ, દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય, વીર્યાંતરાય, રાગ

અને દ્વેષ. એ અઢાર દોષથી રહિત છે. તથા ક્રોધ રહિત છે, માન રહિત છે. માયા રહિત છે, લોભ રહિત છે. સ્નેહ રહિત છે, મોહ રહિત છે, નિદ્રા રહિત છે, વિકથા રહિત છે. એવી રીતે સર્વ દોષથી મુક્ત છે અને અનંત ગુણના ભંડાર છે એવા અરિહંત ભગવાનોને અમે ચાર નિક્ષેપા વડે નમસ્કાર કરીએ છીએ.

તેમાં પહેલા ' નામ નિક્ષેપા ' માં આ અવસર્પિણિમાં ભરત ક્ષેત્રમાં ચોવીશ તીર્થંકર થઈ ગયા છે. તેનાં નામો, તેવી જ રીતે બીજા ચાર ભરતક્ષેત્ર અને પાંચ ઐરવતક્ષેત્ર એમ દશે ક્ષેત્રમાં અતીત, અનાગત અને વર્તમાનકાળ ગણીએ ત્યારે ત્રીશ ચોવીશી થાય. તેટલા કાળમાં પાંચ મહાવિદેહ ક્ષેત્રમાં અસંખ્યાતી વીશીઓ થાય, તે ભરત-ઐરવત થકી અસંખ્યગુણા સમજાય છે. વળી ભરતક્ષેત્રના અવસર્પિણિકાળના બીજા જિનેશ્વર અને ઉત્સર્પિણિ કાળના ત્રેવીશમા જિનેશ્વર વિચરતા હોય ત્યારે મહાવિદેહ ક્ષેત્રમાં એકસો સાઠ વિજયોમાં એકી સાથે એકેક તીર્થંકર દેવ ઉત્પન્ન થાય છે. તેથી ૧૬૦ જિનેશ્વર અને ભરત-ઐરવતના દશ જિનેશ્વર મેળવતા ૧૭૦ જિનેશ્વર ઉત્કૃષ્ટકાળના વિચરતા ગણાય છે.

આ પ્રમાણે અતીતકાળે અનંતા પુદ્ગલ પરાવર્તન થયા છે તેમાં અનંતી ચોવીશીઓ અને અનંતી વીશીઓ તથા [illegible] અનંતા જિનેશ્વરો થઈ ગયા. અને અનાગતકાળે અનંતા પુદ્ગલ પરાવર્તન થવાના છે, તેમાં અનંતી

ચોવીશીઓ અને અનંતી વીશીઓ તથા ઉત્કૃષ્ટકાળના અનંતા જિનેશ્વરો થવાના છે. તથા હમણા પાંચ મહાવિદેહક્ષેત્રમાં સોલસો ને સાઈઠ દ્રવ્ય અરિહંતો છે અને વીસ તીર્થંકરો ભાવ અરિહંતો બીરાજમાન છે. એમ ત્રણે કાળના સર્વ અરિહંતોના નામ લખાય તો ચૌદ રાજલોક જેટલા અનંતા લોકાકાશ ભરાય તો પણ સમાય નહી એવા નામ અરિહંતોને અમે મન, વચન, કાયાથી નમસ્કાર કરીએ છીએ.

'સ્થાપના નિક્ષેપા' માં બે ભેદ છે. એક શાશ્વતી પ્રતિમાજી અને બીજા અશાશ્વતી પ્રતિમાજી. તેમાં શાશ્વતી પ્રતિમાજી અસંખ્યાતી છે. અઢીદ્વીપના મનુષ્ય કરતા અનેક ગણી છે તે શાશ્વતા દેરાસર અને પ્રતિમાજી આ પ્રમાણે–

ત્રણે લોકમાં શાશ્વતા દેરાસરજી ૮૫૬૯૭૫૩૪ છે અને ત્રણે લોકમાં શાશ્વતી પ્રતિમાજી ૧૫૪૨૫૫૨૫૫૪૦ છે.

હવે ઉર્ધ્વલોકમાં દેરાસર આ પ્રમાણે–બાર દેવલોક, નવ ગ્રૈવેયક, પાંચ અનુત્તર વિમાનમાં સર્વ મળીને ચોરાસી લાખ, સતાણું હજાર ને ત્રેવિસ છે. અને પ્રતિમાજી એક અબજ, બાવન ક્રોડ, ચોરાણું લાખ, ચોસઠ હજાર, એકસો ને ચાલીશ છે.

તથા અધોલોકમાં દશ ભવનપતિના દેરાસર સાતક્રોડ ને બહોંતેર લાખ છે. અને પ્રતિમાજી તેર અબજ, નેવ્યાસીક્રોડ ને સાઇઠ લાખ છે.

અને તીર્છો લોકમાં દેરાસર પાંચસો ને અગિયાર છે અને પ્રતિમાજી એકસઠ હજાર ને ચારશો છે.

તીચ્છીલોકની વિગત

નામ	જિનાલય	પ્રતિમાજી
વૈતાઢ્ય પર્વત	૧૭૦	૨૦૪૦૦
વર્ષધર પર્વત	૩૦	૩૬૦૦
ગજદંતા	૨૦	૨૪૦૦
કુરૂવૃક્ષ	૧૦	૧૨૦૦
કુરૂવૃક્ષની પરિધિ	૮૦	૯૬૦૦
વક્ષસ્કાર પર્વત	૮૦	૯૬૦૦
પાંચ મેરૂ	૮૫	૧૦૨૦૦
ઇક્ષુકાર	૪	૪૮૦
માનુષોત્તર પર્વત	૪	૪૮૦
નંદીશ્વર દ્વીપ	૨૦	૨૪૮૦
કુંડલગિરિ	૪	૪૮૦
રુચકગિરિ	૪	૪૮૦

તીચ્છીલોકના સર્વ મળી જિનમંદિર ૫૧૧

તીચ્છીલોકના સર્વ મળી પ્રતિમાજી ૬૧૪૦૦

બૃહત્ ચૈત્યવંદન, કેવલનાણિ શ્રી વિધિપક્ષગચ્છીય આચાર્યશ્રી ધર્મમૂર્તિસૂરીશ્વરજીના શિષ્ય (વાચક મૂલા) એ રચેલ છે તથા અષ્ટોત્તરી તીર્થમાલા શ્રી મહેન્દ્રસૂરીશ્વરજીએ રચેલ છે. તે પ્રમાણે તીચ્છીલોકના દેરાસરજી તથા પ્રતિમાજી લખેલ છે.

તેમજ વ્યંતર અને જ્યોતિષી દેવોના વિમાનોની સંખ્યા અસંખ્યાતી છે. તેથી તેમાં જિનાલયો અને જિનપ્રતિમા પણ અસંખ્યાતા જ હોય છે તે શાશ્વતા જિનપ્રતિમા સર્વે પરિકરવાલા હોય છે તે આ પ્રમાણે-બે નાગની, બે ભૂતની. બે યક્ષની અને બે કુંપ્રધારી (આજ્ઞાધારક) એમ આઠ મૂર્તિ બે હાથ જોડીને વિનયપૂર્વક પ્રભુજીની સામે મસ્તક નમાવીને ઉભેલી છે. તથા બે ચામરધારી મૂર્તિ પ્રભુજીની સન્મુખ ચામર વિંઝે છે અને એક છત્રધારી મૂર્તિ પ્રભુજીની પાછળ છે.

એવી રીતે સિદ્ધાયતન (દેરાસરજીમાં) માં અષ્ટાપદજીના દેરાસરની માફક ચારે દિશામાં સત્યાવીશ સત્યાવીશ પ્રતિમાજી છે. તેમાં પૂર્વ દિશામાં ઋષભ નામના સત્યાવીશ પ્રતિમાજી છે. એ પ્રમાણે દક્ષિણ-પશ્ચિમ-ઉત્તર દિશામાં ચંદ્રાનન, વર્ધમાન અને વારિષેણ બધા સત્યાવીશ સત્યાવીશ સમજવા.

હવે જે સિદ્ધાયતનના ચાર દરવાજા છે, ત્યાં એકસો ને ચોવીશ પ્રતિમાજી છે. તેમાં મૂળ ગભારાના ચારે દિશાના એકસો ને આઠ અને દરવાજે એકેક ચૌમુખજી છે. તેથી ચાર દરવાજાના સોળ પ્રતિમાજી એટલે એકસો ને ચોવીશ થયા તેવા અઠાવીસ દેરાસર છે, તે નંદીશ્વરદ્વીપ, કુંડલદ્વીપ અને રુચકદ્વીપમાં છે.

જે સિદ્ધાયતનના ત્રણ દરવાજા છે ત્યાં એકસો ને વીસ પ્રતિમાજી છે. તેવા આઠસો ને છ દેરાસર છે તે અઢીદ્વીપ નવગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાનમાં છે.

બાકી રહેલા આઠ ક્રોડ, છપ્પન્ન લાખ, છન્નુ હજાર, સાતસો દેરાસરમાં તથા વ્યંતર અને જ્યોતિષીમાં અસંખ્યાતા દેરાસરો છે. તે બધામાં પાંચ પાંચ સભાઓ છે ૧ ઉત્પાત સભા, ૨ મજ્જન સભા, (અભિષેક સભા) ૩ અલંકાર સભા, ૪ વ્યવસાય સભા. ૫ સુધર્મા સભા. એ પાંચ સભાના ત્રણ ત્રણ દરવાજા છે. અને દરેક દરવાજે એકેક ચૌમુખજી છે, એટલે સાઈઠ પ્રતિમાજી છે અને સિદ્ધાયતનના એકસો વીશ મેળવતા એકસો એંશી પ્રતિમાજી છે, (એકેક "તારા" ની અંદર પણ એકસો એંશી પ્રતિમાજી છે.) તે શાશ્વતા પ્રતિમાજીની અવગાહના તીર્ચ્છાલોકમાં પાંચસો ધનુષ્યની છે અને અધો તથા ઉર્ધ્વલોકમાં સાત હાથની છે. એ બધા શાશ્વતા દેરાસર અને શાશ્વતા પ્રતિમાજીને અમે મન, વચન અને કાયાથી નમસ્કાર કરીએ છીએ.

હવે અશાશ્વતા પ્રતિમાજી કહે છે.

ભરત મહારાજાએ ક્રોડો ગમે પ્રતિમાજી ભરાવ્યા હતા. તથા બાહુબલીજીએ ક્રોડો ગમે પ્રતિમાજી ભરાવ્યા હતા. તથા ભરત મહારાજના પુત્ર સૂર્યયશા રાજાથી માંડીને બીજા શ્રી અજિતનાથજી પ્રભુજીના પિતાશ્રી જિતશત્રુરાજા સુધી પચાસ લાખ કોટી સાગરોપમ સુધી ત્રણ ખંડના અધિપતિ રાજાઓ પાટાનુપાટે થયા. તેઓની સિદ્ધદંડિકામાં બે જ ગતિ હતી. સર્વાર્થસિદ્ધ અને મોક્ષગમન. તેઓ બધા શ્રી શત્રુંજય પર્વત ઉપર સંઘ લઇને આવ્યા છે અને શ્રી શત્રુંજય પર્વત ઉપર જ મોક્ષે ગયા છે. તેઓએ પ્રતિમાજી

ભરાવ્યા હોય તથા તેમના સમયમાં બીજાઓએ પ્રતિમાજી ભરાવ્યા હોય, તેમને અમે નમસ્કાર કરીએ છીએ.

તથા બીજા ભગવાનથી માંડીને ચોવીશમા ભગવાન સુધી લાખો ને ક્રોડો ગમે પ્રતિમાજી પધરાવ્યા છે. તથા હમણા સંપ્રતિરાજાએ સવાક્રોડ પ્રતિમાજી ભરાવ્યા હતા. કુમારપાળ રાજાએ સવાલાખ પ્રતિમાજી ભરાવ્યા છે. વસ્તુપાલ અને તેજપાલ બન્ને બાંધવોએ સવાલાખ પ્રતિમાજી ભરાવ્યા છે. તે જ પ્રમાણે આભૂ શેઠ, પેથડશાહ, બાહડ મંત્રી વિગેરે મહાપુરુષોએ લાખોની સંખ્યામાં જિનપ્રતિમાઓ ભરાવી છે. હમણા પણ પ્રાયે લાખ પ્રતિમાજી હોવાનો સંભવ છે. તેમાં મુખ્યતાએ શ્રી શત્રુંજય, ગિરનાર, આબુજી એ ત્રણે તીર્થો તથા અમદાવાદ, પાટણ, જેસલમેર, સુરત, ખંભાત, ભરૂચ, વડોદરા, જામનગર, મહુવા, તળાજા, કદંબગિરિ, રાધનપુર, થરાદ, બીકાનેર, ભદ્રેશ્વર વગેરે સ્થાનોમાં પ્રતિમાજી વધુ પ્રમાણમાં છે.

તથા શ્રી શત્રુંજય ગિરિરાજની અલખદેઉલ ગુફામાં અને ગિરનારજીની કાંચનબલાહક ગુફામાં અત્યારે પણ ઘણા પ્રતિમાજી હોવાનો સંભવ છે. તેમની દેવતાઓ પૂજા કરે છે. અને દેવતાઓ ઘણી અશાશ્વતી પ્રતિમાજી લઇને પોતાના દેવલોકમાં પૂજા કરે છે. જેમ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજી તથા ગિરનારમાં શ્રી નેમનાથજી તથા જામનગરમાં શ્રી નેમનાથજી વગેરે પૂજાયા હતા. આવી પ્રતિમાજી ધાતુની, કાષ્ઠની, પાષાણુની, લેપની, સ્ફટીકની, દાંતની વગેરે અનેક વસ્તુ-

એક સાથે ૧૭૦ જિનેશ્વરો સાથે વિચરે છે. અને જઘન્યથી ૨૦ તીર્થંકરો સાથે વિચરે છે. એમ સદાકાળ થયા જ કરે છે. એજ પ્રમાણે ભવિષ્યકાળમાં પણ અનંતા અનંત ચોવીશીઓ તથા અનંતા અનંત વીશીઓ તથા અનંતા અનંત ઉત્કૃષ્ટ કાળના જિનેશ્વર દેવો થવાના છે. તથા દરેક વર્તમાનકાળમાં છદ્મસ્થ દશામાં રહેલા જિનેશ્વરદેવો હમણા ચારે ગતિમાંથી ગમે તે ગતિમાં હોય પણ જેના નિશ્ચયે પાંચ કલ્યાણકો થવાના છે તે પણ દ્રવ્ય નિક્ષેપામાં અંતભાવ પામે છે. તથા હમણા છદ્મસ્થ અવસ્થામાં રહેલા સોલસો ને સાઈઠ દ્રવ્ય જિનેશ્વરદેવો બીરાજમાન છે. તથા અનંતા તીર્થંકર દેવો જે મોક્ષમાં ગયા છે તેમનો આત્મા દ્રવ્ય તીર્થંકર છે, એવી રીતે ત્રણે કાલના દ્રવ્ય જિનેશ્વર અરિહંતદેવોને અમે મન, વચન અને કાયાથી નમસ્કાર કરીએ છીએ.

હવે "ભાવનિક્ષેપા" માં અરિહંત, તીર્થંકર, સર્વજ્ઞ, વીતરાગ, ત્રિકાલવિત્, પરમેષ્ઠિ, સાર્વ, કેવલી વગેરે શબ્દો જેમનામાં સંપૂર્ણ અર્થમાં ઘટી શકતા હોય, જેમને જોવાથી ઉપરના અર્થોનો સાક્ષાત્કાર થઇ જતો હોય તે જ શ્રી જિનેશ્વર દેવો ભાવતીર્થંકરો કહેવાય છે.

આવા ભાવતીર્થંકર દેવો વર્તમાનકાળે (હમણા) પાંચે મહાવિદેહક્ષેત્રમાં આઠમી, નવમી, ચોવીશમી અને પચીશમી વિજયમાં વીસ વિહરમાન તીર્થંકર વિચરી રહ્યા છે. તેમનું પાંચસે ધનુષ્યનું શરીર છે અને ચોરાશીલાખ પૂર્વનું આયુષ્ય છે અને સુવર્ણ વર્ણે છે. સમચતુરસ્ર સંસ્થાન છે. તથા

છે તથા ઈશાન ખૂણામાં પ્રભુજીને વિશ્રાંતિ માટે દેવછંદક હોય છે અને ત્રીજા ગઢમાં બાર પર્ષદા હોય છે, તે આ પ્રમાણે—

અગ્નિખૂણાથી પહેલી પર્ષદા લેવી (શ્રી સીમંધરસ્વામીની કહે છે) પ્રથમ ચોરાશી ગણધર બેસે, ત્યારપછી દશલાખ કેવલીઓ બેસે, ત્યારપછી મનઃપર્યવજ્ઞાની, અવધિજ્ઞાની, ચૌદપૂર્વી, દશપૂર્વી, નવપૂર્વી અને લબ્ધિવંત સાધુઓ બેસે. અને ત્યારપછી સામાન્ય સાધુઓ બેસે અને તે સાધુઓની આગળ આચાર્ય અને ઉપાધ્યાયની જુદી બેઠક હોય. બીજી પર્ષદામાં—વૈમાનિક દેવીઓ ઉભી રહે ત્રીજી પર્ષદામાં સાધ્વીજીઓ ઉભા રહે.

નૈઋત્યખૂણામાં–ચોથી પર્ષદામાં ભવનપતિ દેવીઓ ઉભી રહે, પાંચમી પર્ષદામાં જ્યોતિષ્કની દેવીઓ ઉભી રહે, છઠ્ઠી પર્ષદામાં વ્યંતરની દેવીઓ ઉભી રહે.

વાયવ્યખૂણામાં–સાતમી પર્ષદામાં ભવનપતિ દેવો બેસે આઠમી પર્ષદામાં જ્યોતિષ્ક દેવો બેસે, નવમી પર્ષદામાં વ્યંતર દેવો બેસે.

ઈશાન ખૂણામાં–દશમી પર્ષદામાં વૈમાનિક દેવો બેસે, અગિયારમી પર્ષદામાં મનુષ્યો બેસે. બારમી પર્ષદામાં મનુષ્યની સ્ત્રીઓ ઉભી રહે.

આ સર્વ પર્ષદાઓ પ્રભુજીને ત્રણ પ્રદક્ષિણા દઈ નમસ્કાર કરી સહુ સહુના સ્થાને આવીને પુરૂષ વર્ગ બધા બેસે છે અને સ્ત્રીવર્ગ બધા ઉભા રહે છે.

(આ હકીકત બૃહત્ કલ્પસૂત્રમાં છે.)

ત્યારપછી વીશ હજાર પગથીઆ ચડીને પૂર્વ દિશાના દરવાજાથી પ્રવેશ કરીને પ્રભુજી અશોકવૃક્ષને પ્રદક્ષિણા દઇને "નમો તિત્થસ્સ" કહીને પૂર્વ દિશાના સિંહાસન ઉપર પૂર્વાભિમુખ પાદપીઠ ઉપર બન્ને પગ સ્થાપીને બીરાજમાન થાય છે. બાકીની ત્રણ બાજુએ વ્યંતરદેવો પ્રભુજી જેવા બીજાં રૂપો વિકુર્વે એટલે ચૌમુખી દેશના પ્રભુજી ભવ્ય જીવોને આપે ત્યારે દેવતાઓ પ્રભુજીના સ્વરને દુંદુભિના નાદથી પૂરે એટલે સર્વ લોકો પોત-પોતાની ભાષામાં સાંભળી શકે એ પ્રભુજીનો અતિશય છે.

હવે અશોકવૃક્ષના મૂલ ભાગમાં દેવચ્છંદો હોય છે. તે અશોકવૃક્ષ પ્રભુજીના શરીરની ઉંચાઇથી બારગુણો ઉંચો હોય છે અને આખા સમવસરણમાં છાયા કરે છે.

વળી પ્રભુજીની પૂંઠે ભામંડલ છે તે બાર સૂર્ય જેવું તેજસ્વી છે. તે પ્રભુજીના રૂપને સંહરી લે ત્યારે આપણે પ્રભુજીના દર્શન કરી શકીએ. કારણ કે પ્રભુજીનું રૂપ અનંત સૂર્ય કરતાં પણ તેજસ્વી છે. એમ ચાર ભામંડલ છે. તથા પ્રભુજીની સામે ચારે દિશાના દરવાજા ઉપર ચાર ધર્મચક્ર સ્ફટિક રત્નનાં છે, તે સુવર્ણના કમલમાં રહેલાં છે. તથા ધ્વજા, છત્ર, મકર, ધ્વજ, અષ્ટમાંગલિક, પાંચાલી-પુતલીઓ, ફુલની માલા, વેદિકા તથા ભલા કલશ, મણિરત્નના તોરણ એટલા વાના પ્રતિદ્વારે છે. કૃષ્ણાગરૂ આદિની ધૂપઘટિકા વાણવ્યંતરદેવો કરે છે. વલી સમવસરણમાં વ્યંતરદેવો જલ

હવે પ્રભુજીને વિહાર કરવો હોય ત્યારે નવ સુવર્ણના કમલ ઉપર ચાલે છે. પંખીઓ પ્રદક્ષિણા આપે છે. વૃક્ષો નીચે નમે છે. અને કાંટા અધોમુખ થાય છે.

એવા ભાવ અરિહંતો અતીતકાલે કેવલીપણામાં અનંતા થઇ ગયા છે અને અનાગતકાળે અનંતા થશે અને હમણા વર્તમાનકાળમાં વીશ વિહરમાન ભાવ અરિહંતો બીરાજે છે, તે સર્વેને અમે નમસ્કાર કરીએ છીએ.

આ પ્રમાણે ચાર નિક્ષેપે કરીને સર્વ ક્ષેત્રને વિષે સર્વ કાળના અરિહંતોને અમે મનથી, વચનથી અને કાયાથી નમસ્કાર કરીએ છીયે, કરાવીએ છીયે અને અનુમોદીએ છીએ, એમ નવ કોટીએ કરીને નમસ્કાર હજારો વાર, લાખો વાર, ક્રોડો વાર, અબજો વાર, કોટાકોટી વાર અમારો નમસ્કાર થાઓ. અરિહંત ભગવાન ઉજ્જવલ વર્ણે છે, તે આ પ્રમાણે-અરિહંત પરમાત્મા શુક્લ ધ્યાનવાલા અને શુક્લ લેશ્યાવાલા છે માટે સફેદ વર્ણે છે. વર્ણનો અધિકાર ધ્યાન કરવા માટે છે.

નમો સિદ્ધાણં એટલે સિદ્ધ પરમાત્માને નમસ્કાર થાઓ. 'સિદ્ધ' એટલે જેમના સર્વ કાર્ય સિદ્ધ થઇ ગયા છે. વળી 'સિ-' એટલે જે આઠ કર્મ બાંધેલા છે તેને 'દ્ધ' એટલે ધમી નાખ્યા છે, અથવા બાળીને ભસ્મીભૂત કરી નાખ્યા છે, એવા સિદ્ધ પરમાત્માને અમારો નમસ્કાર થાઓ.

હવે સિદ્ધભગવંતના ચાર નિક્ષેપા કહે છે. તેમાં પહેલા

નામનિક્ષેપા' માં અઢી દ્વીપ એટલે જંબૂદ્વીપ, લવણસમુદ્ર, ધાતકીખંડ, કાલોદધિસમુદ્ર અને અર્ધ પુષ્કરાર્ધ એ અઢીદ્વીપ પીસ્તાલીસ લાખ યોજનનું લાંબુ પહોળું મનુષ્યક્ષેત્ર કહેવાય છે. તેની અંદર એક સોઇના અગ્રભાગ જેટલી પણ એવી જમીન નથી જે ઠેકાણેથી સિદ્ધ થયા નથી એટલે સર્વ પીસ્તાલીશ લાખ યોજનવાલા અઢીદ્વીપમાંથી મોક્ષમાં ગયેલા છે અને તેજ પ્રમાણે અઢીદ્વીપ ઉપર પીસ્તાલીશ લાખ યોજનવાલી સિદ્ધશિલા છે. તેના ઉપર એક યોજનના ઉપરના ચોવીશમા ભાગે સર્વ સિદ્ધના જીવોના આત્મપ્રદેશો ગોઠવાઈ રહેલા છે.

અનંત જિનેશ્વરો મોક્ષમાં ગયા છે. તેનાથી પણ સંખ્યાતગુણા ગણધરો મોક્ષમાં ગયા છે. તેનાથી અસંખ્યાત ગુણા, આચાર્ય, ઉપાધ્યાય અને મુનિવરો (સાધુ-સાધ્વીઓ) મોક્ષમાં ગયા છે એટલે ઉપરની બધી સંખ્યા અનંતા અનંત મોક્ષમાં ગયા છે. શ્રાવક-શ્રાવિકાદશામાં ભાવમુનિદશા પામી અનંતા અનંતા મોક્ષમાં ગયા છે અને અન્યલિંગીઓ એ પણ તાપસાદિ વેશમાં રહેલા છેવટે ભાવ-મુનિદશા પામીને અનંતા મોક્ષમાં ગયા છે. અનંત પુરુષો મોક્ષમાં ગયા છે. અનંતી સ્રીઓ મોક્ષમાં ગઈ છે. અનંતા નપુંસકો મોક્ષમાં ગયા છે. તેજ પ્રમાણે અનાગતકાળે અનંતા મોક્ષમાં જશે, અને હમણા વર્તમાનકાળમાં પાંચ મહાવિદેહ ક્ષેત્રની ૧૬૦ વિજયોમાંથી સદાકાળ સિદ્ધ થાય છે. આ પ્રમાણે ત્રણ કાળના સર્વ ક્ષેત્રમાંથી મોક્ષ જનારના નામ લખવામાં આવે તો ચૌદરાજ લોક જેટલા અનંતા લોકા-

છઠ્ઠા ભાગને વિષે અલોકને અડકીને સર્વ સિદ્ધો રહેલા છે, તેઓ ઉત્કૃષ્ટથી ત્રણશેં ને તેત્રીસ ધનુષ્ય અને બત્રીશ અંગ ઉંચાઇવાલા છે. અને જઘન્યથી એક હાથ અને આઠ અંગ ઉંચાઈવાલા છે. અને પીસ્તાલીશ લાખ યોજન પ્રમા લંબાઇ-પહોળાઇમાં જેમના આત્મપ્રદેશો ઘનરૂપે રહેલા વલી છેલ્લા શરીરના ત્રીજે ભાગે હીન એવા આત્મપ્રદે જેના જેવી રીતે હોય તેમ ત્યાં મોક્ષમાં બીરાજમાન છે. વ પન્નર ભેદે સિદ્ધ થયા છે. એવા સિદ્ધ ભગવંતોને ચાર નિક્ષેપા કરીને સર્વ ક્ષેત્રમાંથી અને સર્વકાળના સિદ્ધ ભગવંતોને અ મન, વચન અને કાયાથી નમસ્કાર કરીએ છીએ, કરાવી છીએ અને અનુમોદીએ છીએ. એમ નવ કોટીએ નમસ્કા હજારો વાર, લાખો વાર, ક્રોડો વાર, અબજો વાર, કો કોટી વાર અમારો નમસ્કાર થાઓ. સિદ્ધભગવંત રાતે વ છે, તે આ પ્રમાણે-જેમ કોઇ શત્રુને જીતવા માટે લાલચો વર્ણવાલો થઈ જાય છે તેમ સિદ્ધભગવાને આઠ કર્મો રૂ શત્રુને જીત્યા છે માટે રાતે વર્ણે છે.

'નમો આયરિયાણં' એટલે આચાર્ય ભગવંતોને નમસ્કા થાઓ આચાર્ય એટલે પંચાચારને પોતે ઉત્કૃષ્ટપણે પાળે છે બીજાની પાસે પળાવે છે અને પાળતાની અનુમોદના કરે છે અને જે ન પાળતા હોય તેમને શિક્ષા કરે છે.

વળી 'આ' એટલે મર્યાદાપૂર્વક 'ચર' એટલે ચાલ- નારા સાધુઓ તેનાથી પણ જે જૈનશાસનનું મહાન કાર્ય ન થઇ શકે તે આચાર્ય ભગવંત કરી શકે છે.

તે આચાર્ય ભગવંત ચાર પ્રકારના છે. એક ગણધર ભગવંતો, બીજા યુગપ્રધાનો, ત્રીજા શાસનપ્રભાવકો અને ચોથા પાટપરંપરાના આચાર્યો. તેમાં ગણધર ભગવંતો આ ભરતક્ષેત્રમાં આ ચોવીશીના ચૌદસો અને બાવન હતા. એવી રીતે બીજા ચાર ભરત અને પાંચ ઐરવત મલી દશક્ષેત્રના પ્રાયે પન્નર હજાર ગણધર ભગવંત થયા. વલી પાંચ મહાવિદેહક્ષેત્રમાં એકેક ભગવાનના ચોરાસી ચોરાસી ગણધરો છે. એટલે વીસ ભગવાનના સોલસો ને એંશી ગણધર ભગવંત છે. એવી રીતે અનંતી ચોવીશીઓ, અનંતી વીશીઓ અને ઉત્કૃષ્ટ કાળના અનંતા ગણધરો અતીતકાલે થઇ ગયા છે. તેવી જ રીતે અનાગતકાળે અનંતી ચોવીશીઓ અનંતી વીશીઓ અને ઉત્કૃષ્ટ કાળના ગણધરો થવાના છે એ પ્રમાણે ત્રણે કાળના ગણધરોને અમે મન, વચન અને કાયાથી નમસ્કાર કરીએ છીએ.

વળી યુગપ્રધાન આચાર્યો હમણા આપણા મહાવીરદેવના શાસનમાં બે હજાર ને ચાર થવાના છે. તો આખી ચોવીશીના કેટલા થાય તથા દશક્ષેત્રના કેટલા થાય ? તેમજ પાંચ મહાવિદેહ ક્ષેત્રના કેટલા થાય ? તેજ પ્રમાણે અતીત કાળે અનંતી ચોવીશીઓ, અનંતી વીશીઓ અને અનંતા ઉત્કૃષ્ટ કાળના યુગપ્રધાનો થયા અને અનાગતકાળે અનંતી ચોવીશીઓ, અનંતી વીશીઓ અને અનંતા ઉત્કૃષ્ટ કાળના યુગપ્રધાનો થશે તથા વર્તમાનકાળના એમ સર્વ યુગપ્રધાન આચાર્યોને અમે મન, વચન અને કાયાથી નમસ્કાર કરીએ છીએ.

વળી જ્યાં સુધી તીર્થંકરદેવનું શાસન ચાલે ત્યાં સુધી શાસનપ્રભાવક આચાર્યો તથા પાટપરંપરાના આચાર્યો થયા જ કરે છે. તે અતીતકાળે અનંતી ચોવીશીઓ, અનંતી વીશીઓ તથા અનંતા ઉત્કૃષ્ટ કાળના આચાર્યો થયા છે અને અનાગત કાળે અનંતી ચોવીશીઓ, અનંતી વીશીઓ તથા ઉત્કૃષ્ટકાળના અનંતા આચાર્યો થશે તથા હમણા વર્તમાનકાળના સર્વ આચાર્યોને અમે મન, વચન અને કાયાથી નમસ્કાર કરીએ છીએ.

નામનિક્ષેપા માં ઉપર કહી ગયેલા સર્વ આચાર્યોના નામ લખવામાં આવે તો અનંતા લોકાકાશમાં પણ સમાય નહીં. સ્થાપનાનિક્ષેપા' માં આચાર્યોની જે મૂર્તિ હોય તે. દ્રવ્ય નિક્ષેપા' માં આચાર્યો બે પ્રકારના છે. એક આગમથી અને બીજા નોઆગમથી. તેમાં નોઆગમના ત્રણ પ્રકાર-જ્ઞશરીર, ભવ્ય શરીર અને તદ્દવ્યતિરેક. તેમાં જ્ઞશરીર એટલે જે આચાર્ય પોતે દેવલોકમાં ગયા અને પાછળ તેનું શરીર હોય તે. ભવ્ય શરીર એટલે હમણા બાળક અવસ્થા છે પણ ભવિષ્યમાં આચાર્ય થશે તે. તદ્દવ્યતિરેક એટલે કોઈપણ પ્રકારના આચાર્ય લેવા. હવે આગમથી બે પ્રકારના-એક દ્રવ્યથી, બીજા ભાવથી. તેમા જે આચાર્યપદવી પામીને પછી પ્રમાદવશ થઈને શીથીલ થાય તે દ્રવ્યથી આચાર્ય. આ બધા દ્રવ્ય નિક્ષેપામાં આચાર્ય સમજવા. હવે ' ભાવ નિક્ષેપા ' માં આગમથી જે આચાર્ય, આચાર્યપદવી પામીને અપ્રમાદી થઈને બરાબર આચાર્યપણું પાળે તે.

વલી આચાર્ય કેવા છે ? તો તે છત્રીશ ગુણે કરીને બીરાજમાન છે. વળી છત્રીશ છત્રીશીએ સહિત છે. એટલે છત્રીશને છત્રીશ ગુણા કરીએ ત્યારે બારશે ને છન્નુ ગુણો આચાર્યના થાય. એ પ્રમાણે ચાર પ્રકારના આચાર્યને ચાર નિક્ષેપાવડે સર્વ ક્ષેત્રના અને સર્વકાળના આચાર્ય ભગવં-તોને અમે મનથી, વચનથી અને કાયાથી નમસ્કાર કરીએ છીએ, કરાવીએ છીએ, અને અનુમોદીએ છીએ એમ નવકોટીએ કરીને નમસ્કાર હજારો વાર, લાખો વાર, ક્રોડો વાર, અબ્જો વાર અને કોટાકોટીવાર અમારો નમસ્કાર થાઓ.

આચાર્ય ભગવાન પીલે વર્ણે છે, તે આ પ્રમાણે–જેમ કોઈ રાજા શત્રુને જીતીને આવે ત્યારે સિંહ સમાન ગણાય છે, તેમ શાસનને માટે કાંઇપણ દુષ્કર કાર્ય હોય તો પણ આચાર્ય ભગવંત કરી શકે છે માટે સિંહ સમાન છે.

' नमो उवज्झायाणं' એટલે ઉપાધ્યાય ભગવંતોને નમસ્કાર થાઓ. उव એટલે પાસે બેસીને 'अध्याय' એટલે ભણાવે. અથવા उपाध्याय'=ઉપાધિથી રહિત. હવે તે ઉપાધ્યાય ભગ-વંતના ચાર નિક્ષેપા કહે છે, તેમાં પહેલા नाम निक्षेपा' માં અતીત કાળે સર્વ ક્ષેત્રમાં જે ઉપાધ્યાય થયા તે અને હમણા સર્વક્ષેત્રમાં જે ઉપાધ્યાયો બીરાજમાન છે તે તથા અનાગત કાળે સર્વક્ષેત્રમાં જે ઉપાધ્યાયો થશે તે સર્વ ઉપાધ્યાય ભગવંતોના નામ લખવામાં આવે તો અનંતા લોકાકાશમાં પણ લખી શકાય તેમ નથી. કારણ કે આચાર્યપદવીને લાયક હોય તે જ ઉપાધ્યાય થઈ શકે છે, તેથી આચાર્યની

લાખોવાર, ક્રોડ વાર, અબજો વાર, ક્રોટાક્રોટી વાર અમારો નમસ્કાર થાઓ. સાધુ ભગવંત શ્યામ વર્ણે છે. તે આ પ્રમાણે-જેમ સૈનિકો લડાઈ કરે. ત્યારે લોઢાના બખતર પહેરે છે ત્યારે શ્યામ દેખાય છે. તેમ આચાર્ય રાજા સમાન છે. ઉપાધ્યાય યુવરાજ સમાન છે. અને સાધુ ભગવંત કર્મ રૂપી શત્રુને જીતવા માટે સૈનિક સમાન છે. માટે શ્યામ વર્ણે છે.

एसो पंचनमुक्कारो એટલે આ પાંચ નમસ્કારમય નવકાર-મંત્ર મહાશ્રુતસ્કંધ છે. તે 'सव्वपावप्पणासणो' સર્વ પાપને નાશ કરે છે. તે આ પ્રમાણે-

આઠ કર્મોમાં મોહનીય કર્મ મુખ્ય છે તે જીતવું દુષ્કર છે. તેના બે પ્રકાર છે. એક દર્શનમોહનીય અને બીજું ચારિત્ર મોહનીય. નવકાર મંત્ર ના પ્રથમપદ "नमो अरिहंताणं" થી દર્શનમોહનીય કર્મ જિતાય છે. દર્શનમોહ એટલે ઉંધી માન્યતા, (પુદ્ગલને જે પોતાનું ગણવું તે) અરિહંતને ભાવથી નમસ્કાર કરવાથી જીવ સમ્યગ્ માન્યતામાં આવે છે. પુદ્ગલ પર એટલે જુદું છે એમ જાણવું તે સમ્યગ્ માન્યતા જાણવી. જીવની ઉંધી માન્યતા એજ દર્શનમોહનું મોટું બળ છે. જે આત્મા ભાવથી અરિહંતને નમે છે. તેની ઉંધી માન્યતા ટળે છે અને સમ્યગ્દર્શન પ્રગટ થાય છે.

બીજો પ્રકાર ચારિત્રમોહનીય છે. તેના ૨૫ ભેદો છે, તેમાં પણ ક્રોધ, માન, માયા, લોભ, એ ચાર મુખ્ય છે.

અંતર્ગત તેના નામ આવી જાય છે. એવા નામ નિક્ષેપા-વાલા સર્વ ઉપાધ્યાય ભગવંતોને અમે મન. વચન અને કાયાથી નમસ્કાર કરીએ છીએ. 'સ્થાપના નિક્ષેપા' માં જે ઉપાધ્યાય ભગવંતોની મૂર્તિ હોય તે. 'દ્રવ્ય નિક્ષેપા માં આગમથી અને નોઆગમથી એમ બે પ્રકારે છે. તેમાં નો આગમના ત્રણ પ્રકાર-જ્ઞશરીર, ભવ્ય શરીર અને તદ્વ્યતિરેક. તેમાં જ્ઞશરીર એટલે જે ઉપાધ્યાય પોતે દેવલોકમાં ગયા અને પાછળ તેનું શરીર હોય તે. ભવ્ય શરીર એટલે હમણાં બાળક અવસ્થા છે. પણ ભવિષ્યમાં ઉપાધ્યાય થશે તે. તદ્વ્યતિરેક એટલે કોઇપણ પ્રકારના ઉપાધ્યાય લેવા. હવે આગમથી બે પ્રકાર-એક દ્રવ્યથી, બીજા ભાવથી. તેમાં જે ઉપાધ્યાય પદવી પામીને પછી પ્રમાદવશ થઇને શિથીલ થાય તે દ્રવ્યથી ઉપાધ્યાય. આ બધા દ્રવ્ય નિક્ષેપામાં ઉપાધ્યાય સમજવા.

હવે 'ભાવ નિક્ષેપા' માં આગમથી જે ઉપાધ્યાય ઉપાધ્યાય-પદવી પામીને પછી અપ્રમાદી થઇને બરાબર ઉપાધ્યાયપણું પાળે તે.

હવે ઉપાધ્યાય ભગવંત કેવા છે કે પચીશ ગુણે કરી સહિત છે. અગિયાર અંગ અને બાર ઉપાંગ તેને ભણે અને ભણાવે તથા ચરણસિત્તરી અને કરણસિત્તરીના પાલનારા છે. વલી પત્થર જેવા મૂર્ખ શિષ્યને ભણાવીને મહાપંડિત (નવપલ્લવિત) કરે છે. આચાર્ય અર્થની વાચના કરે છે અને ઉપાધ્યાય સૂત્ર ભણાવે છે. એ પ્રમાણે ચાર નિક્ષેપાએ

કરીને સર્વક્ષેત્રના અને સર્વકાળના ઉપાધ્યાય ભગવંતોને અમે મનથી, વચનથી અને કાયાથી નમસ્કાર કરીએ છીએ, કરાવીએ છીએ અને અનુમોદીએ છીએ, એમ નવકોટીએ નમસ્કાર હજારો વાર, લાખો વાર, ક્રોડો વાર, અબજો વાર કોટાકોટીવાર અમારો નમસ્કાર થાઓ.

ઉપાધ્યાય ભગવંત નીલે વર્ણે છે, તે આ પ્રમાણે– ઉપાધ્યાય ભગવંત વૈરાગ્યમયી દેશના રૂપી પાણી સીંચીને શ્રી સંઘરૂપી વાડીને હંમેશા વિનય–વિવેકથી લીલીછમ જેવી રાખે, છે, માટે લીલાવર્ણે છે.

'नमो लोए सव्वसाहूणं ' લોકને વિષે સર્વ સાધુ મુનિરાજોને નમસ્કાર થાઓ. 'साहूणं' એટલે જ્ઞાન, દર્શન અને ચારિત્રની આરાધનાવડે જેઓ નિર્વાણપદને સાધે છે, તે સાધુ. તે સાધુ મુનિરાજોના ચાર નિક્ષેપા કહે છે, તેમાં પહેલા 'नामनिक्षेपा' માં અતીત કાળે સર્વક્ષેત્રમાં સાધુમુનિરાજો થઇ ગયા તે તથા અનાગતકાળે સર્વક્ષેત્રમાં સાધુમુનિરાજો થશે તે તથા હમણા વર્તમાન કાળમાં પાંચ મહાવિદેહ ક્ષેત્રમાં બે ક્રોડ કેવલી ભગવંતો તથા બે હજાર ક્રોડ સાધુ મુનિરાજો તથા બે હજાર ક્રોડ સાધ્વીજી મહારાજો છે તે. તથા પાંચ ભરત તથા પાંચ ઐરવત ક્ષેત્રમાં જે સાધુ મહારાજ તથા સાધ્વીજી મહારાજ છે. તે તથા ઉત્કૃષ્ટ કાળમાં નવ ક્રોડ કેવલી ભગવંતો તથા નવ હજાર ક્રોડ સાધુમુનિ– રાજો તથા નવ હજાર ક્રોડ સાધ્વીજી મહારાજો પાંચ મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્કૃષ્ટકાળે થાય છે, તે બધાના નામ જો લખ-

લાખોવાર, ક્રોડ વાર, અબજો વાર, ક્રોટાક્રોટી વાર અમારો નમસ્કાર થાઓ. સાધુ ભગવંત શ્યામ વર્ણે છે. તે આ પ્રમાણે-જેમ સૈનિકો લડાઈ કરે. ત્યારે લોઢાના બખતર પહેરે છે ત્યારે શ્યામ દેખાય છે. તેમ આચાર્ય રાજા સમાન છે. ઉપાધ્યાય યુવરાજ સમાન છે. અને સાધુ ભગવંત કર્મ રૂપી શત્રુને જીતવા માટે સૈનિક સમાન છે. માટે શ્યામ વર્ણે છે.

एसो पंचनमुक्कारो એટલે આ પાંચ નમસ્કારમય નવકાર મંત્ર મહાશ્રુતસ્કંધ છે. તે 'सव्वपावप्पणासणो' સર્વ પાપને નાશ કરે છે. તે આ પ્રમાણે—

આઠ કર્મોમાં મોહનીય કર્મ મુખ્ય છે તે જીતવું દુષ્કર છે. તેના બે પ્રકાર છે. એક દર્શનમોહનીય અને બીજું ચારિત્ર મોહનીય. નવકાર મંત્ર ના પ્રથમપદ "नमो अरिहंताणं" થી દર્શનમોહનીય કર્મ જિતાય છે. દર્શનમોહ એટલે ઉંધી માન્યતા, (પુદ્ગલને જે પોતાનું ગણવું તે) અરિહંતને ભાવથી નમસ્કાર કરવાથી જીવ સમ્યગ્ માન્યતામાં આવે છે. પુદ્ગલ પર એટલે જુદું છે એમ જાણવું તે સમ્યગ્ માન્યતા [illegible]. જીવની ઉંધી માન્યતા એજ દર્શનમોહનું [illegible] છે. જે આત્મા ભાવથી અરિહંતને નમે છે. તેની ઉંધી માન્યતા ટળે છે અને સમ્યગ્દર્શન પ્રગટ થાય છે.

બીજો પ્રકાર ચારિત્રમોહનીય છે. તેના ૨૫ ભેદો છે, [illegible] ક્રોધ, માન, માયા, લોભ, એ ચાર મુખ્ય છે.

ક્રોધને જીતવાનો મુખ્ય ઉપાય (સાધુપદ)

" नमो लोए सव्वसाहूणं " આ પદથી ક્રોધને જીતવાનું બળ પ્રગટે છે. કારણ કે ભાવસાધુતાને વરેલા મુનિવરો સતત રીતે ક્ષમાને આશરે રહીને ક્રોધને જીતવાને માટે કટિબદ્ધ થયા હોય છે. એ કારણે સાધુઓને 'ક્ષમાશ્રમણ' ક્ષમાપ્રધાન સાધુ તરીકે સંબોધવામાં આવેલ છે. તેમની છાયામાં આવનાર બીજાઓ પણ ક્રોધને જીતવા માટે સામર્થ્યવાલા બની શકે છે અને એમનામાં પણ ક્ષમાગુણનો પ્રાદુર્ભાવ થાય છે.

માનને જીતવાનો મુખ્ય ઉપાય (ઉપાધ્યાયપદ)

" नमो उवज्झायाणं " ઉપાધ્યાયપદને નમસ્કાર કરવાથી માન નામનો બીજો કષાયદોષ ટળે છે અને નમ્રતા ગુણ પ્રગટે છે. ઉપાધ્યાય પોતે વિનય ગુણને વરેલા હોય છે. જે ગુણ જેણે આત્મસાત્ કર્યો હોય, તેમની સાથે વસવાથી આપણામાં પણ એ ગુણ (સામર્થ્ય) પ્રગટે છે. જેમ તીર્થંકરના સમવસરણમાં જાતિવૈરભાવવાળા પ્રાણીઓ પણ પ્રભુના સાન્નિધ્યથી વૈરભાવ ભૂલી જાય છે. અને શાંત બની જાય છે, તેમ વિનય-નમ્રતા હોય ત્યાં માન કે અભિમાન ટકી શકતા નથી.

માયાને જીતવાનો મુખ્ય ઉપાય (આચાર્યપદ)

" नमो आयरियाणं " આ પદથી માયાચાર દૂર થાય છે. પ્રાપ્ત શક્તિને ગોપવવી અર્થાત્ તેનો સદુપયોગ ન કરવો

શ્રી નવકાર મંત્રની ધૂન

નવકારમંત્ર છે જગદાધારા, અચળ રહો મુજ હૃદયમાં પ્યારા,
અરિહંતપદને દિલમાં ધરતાં, કઠીન કર્મનો ચૂરો કરતાં,
જાપ કરંતા સુખ અપારા. અચળ૦ નવ૦ ૧

સિદ્ધપદ છે જગવિખ્યાતા, શાશ્વતપદ અક્ષય સુખદાતા;
ધ્યાન ધરંતા દુઃખ હરનારા, અચળ૦ નવ૦ ૨

આચાર્ય શાસન શણગારા, સર્વશાસ્ત્રના ધારણહારા;
પંચાચારને પાલણહારા. અચળ૦ નવ૦ ૩

ઉપાધ્યાયજી વાચના આપે, શિષ્યોની જડતાને કાપે;
સમકિતને આરોપણહારા. અચળ૦ નવ૦ ૪

સાધુજી સમતારસમાં લીના, સહે પરિસહો આતમગુણભીના;
તરણ અને વલી તારણહારા. અચળ૦ નવ૦ ૫

પંચ પરમેષ્ઠીને નમસ્કારા, પાપપ્રણાશક છે હિતકારા;
મંત્ર શિરોમણિ મુક્તિ દાતારા. અચળ૦ નવ૦ ૬



શ્રી નમસ્કાર માહાત્મ્ય

શ્રી સિદ્ધસેનસૂરિ પ્રણીત પ્રથમ પ્રકાશમાંથી એકેક અક્ષરોનો અર્થ:

ન–એટલે નરનાથો–રાજાઓ પણ તેઓને વશ થાય છે, દેવેન્દ્રો પણ તેઓને પ્રણામ કરે છે અને સર્પો (નાગકુમારો)થી તેઓ ભય પામતા નથી કે જેઓ શ્રી અરિહંત પરમાત્માનું શરણ ભાવપૂર્વક સ્વીકારે છે.

મો–એટલે મોહ તેના ઉપર રોષાયમાન થતો નથી, તે હંમેશાં આનંદમાં રહે છે અને તે અલ્પકાળમાં મોક્ષ પામે છે, કે જે ભવ્ય પુરુષ શ્રી અરિહંત પરમાત્માને ભાવપૂર્વક પૂજે છે.

અ–એટલે અનંત ગુણસ્વરૂપ જે અરિહંત પરમાત્માને કેવલજ્ઞાનીઓ પણ પ્રદક્ષિણા કરવા પૂર્વક પૂજે છે. તેમના પ્રભાવને કેવલી વિના કોણ જાણી શકે ?

રિ–એટલે રિપુ (શત્રુ) ભૂત એવા જે રાગદ્વેષાદિ વડે બ્રહ્મા, વિષ્ણુ, મહેશ વગેરે પણ અત્યંત વિડંબિત કરાયા, તે રાગાદિને એકલા (અન્યની સહાય ન લેનારા) એવા શ્રી જિનેશ્વરે હણી નાખ્યા !

વિભાવદશાની શૂન્યતા છે.) શુભાશુભ સર્વ કર્મનો ક્ષય થવા વડે કેવળ આત્માની જે ચિદ્રૂપતા-અનંતસ્વભાવતા મોક્ષમાં છે તે જ શૂન્ય સ્વભાવપણું છે.

પાંચ શરીરનો નાશ કરનારા અને મોક્ષરૂપી પાંચમી ગતિને આપનારા આ ' નમો સિદ્ધાણં ' પદના પાંચ અક્ષરો મરણ વિગેરેના પ્રપંચથી તમારું રક્ષણ કરો.

ત્રીજા પ્રકાશમાંથી:—

ન-એટલે નથી તેઓમાં તમો-ગુણ, નથી રજો-ગુણ, નથી બાહ્યમુખવાળો સત્ત્વ-ગુણ, અને નથી માનસિક, વાચિક કે કાયિક કષ્ટ તેઓને કે જેઓએ આચાર્યના ચરણોને સેવ્યા છે.

મો-એટલે મોહના પાશો વડે બંધાયેલા પ્રાણીઓને પણ આચાર્ય ભગવાન્ કેશિગણધરની જેમ મોહથી છોડાવે છે એ મોટું આશ્ચર્ય છે.

આ-એટલે આચારો જેમના સુંદર છે, જેમના આગમો (શાસ્ત્રો) મોક્ષ મેળવી આપનારા છે અને જેમના લાભના ઉપાયો નુકસાન વિનાના છે તેમને ડાહ્યા માણસો આચાર્ય કહે છે.

ય-એટલે યથાસ્થિત અર્થની પ્રરૂપણા કરનારા, યમ-નિયમાદિના પાલનમાં યત્ન કરનારા અને આત્મરૂપ યજ્ઞકે યજન-પૂજન કરનારા એવા આચાર્ય ભગવાન્ મને સદા શરણરૂપ હો.

રિ—એટલે રિપુ-શત્રુ કે મિત્ર, સુખ કે દુઃખ, દુર્જન
કે સજ્જન, મોક્ષ કે સંસાર તથા ધનાઢ્ય કે દરિદ્રીને વિષે
સંયમીઓના સ્વામી આચાર્ય અત્યંત સમદષ્ટિવાળા હોય છે.

યા—એટલે જે કોઈ પવિત્ર સિદ્ધિ છે અને જે કોઈ
ઉજ્જવલ લબ્ધિ છે તે સર્વ, જેમ ભમરી કમળને વરે તેમ
આચાર્યને સ્વયં વરે છે.

ણં—એ અક્ષર ત્રણ રેખાવાળો અને માથે અનુસ્વાર-
વાળો છે, એ એમ બતાવે છે કે ત્રિવર્ગમાં સમતાવાળા
પુરુષો જ સજ્જનોમાં શિરોમણિ બને છે. ધર્મ, અર્થ અને
કામ અથવા મિત્ર, શત્રુ અને ઉદાસીન અથવા રાગ, દ્વેષ
અને મોહને ત્રિવર્ગ કહેવાય છે.

જીવાદિ સાત તત્ત્વરૂપ કમળના વનને વિકસિત કરવામાં
સૂર્યના કિરણ જેવા આ 'નમો આયરિયાણં' ત્રીજા પદના
સાત અક્ષરો સાત પૃથ્વીના (સાત નરકના) દુઃખનો
નાશ કરો.

ચોથા પ્રકાશમાંથીઃ—

ન—એટલે નથી ખંડન કરાતો તે સુજ્ઞ પુરુષ કુપાખંડીઓ-
વડે, નથી વિડંબના પમાડાતો મન, વચન અને કાયાના દંડ
વડે, તથા નથી દંડાતો ક્રોધાદિ કષાયોવડે, જે ઉપાધ્યાયનો
આશ્રય કરે છે.

મો—એટલે મો મા ('મા' એટલે લક્ષ્મી અને 'ઉમા'
એટલે શાંત, કાંતિ, કીર્તિ) શ્રી, હ્રી, ધૃતિ અને બ્રાહ્મી

આપવો પડે છે. મૈત્રીભાવને ઉછેરવા માટે "ખામેમિ સવ્વ-જીવે"ના શ્લોકને ઉંચા સાદપૂર્વક આમંત્રવો પડે છે.

અનંતજ્ઞાનીઓની દૃષ્ટિમાં સઘળાય મંગલો આવી ગયા હતા તે સર્વમાં નમસ્કારમંત્રને સૌથી વધારે મહત્ત્વનું સ્થાન આપ્યું છે.

બીજા શાસ્ત્રોને શ્રુતસ્કંધ કહ્યા છે જ્યારે નવકારને મહાશ્રુતસ્કંધ કહેલ છે. નવકાર એ શબ્દથી નાનો હોવા છતાં અર્થથી અતિમહાન છે અને તેનું ફળ તો ગજબ છે. તેથી જ પ્રત્યેક કાર્યોની શરૂઆતમાં જ્ઞાનીઓ તેનું સ્મરણ કરવાનું વિધાન કરે છે.

ઉઠતા નવકાર, બેસતા નવકાર, સુતા નવકાર, જાગતા નવકાર, પ્રયાણ કરતા નવકાર, પચ્ચક્ખાણ પારતા નવકાર, ભોજન કરતા નવકાર, જન્મ વખતે કે મરણ વખતે, દુઃખમાં કે સુખમાં, માંદગીમાં કે આરોગ્યમાં, વ્રતોચ્ચારમાં, નંદી સંભળાવવામાં, સૂત્ર ભણતાં, પક્ખીસૂત્ર બોલતાં કે સામાયિકાદિ ઉચ્ચરતા, અટવીમાં કે કોઈપણ સંકટમાં યાવત્ જરૂર પડે તો અશુચિ વખતે પણ નવકારના સ્મરણનો નિષેધ કર્યો નથી. આ રીતે માણસ ઉઠે ત્યારથી સૂઈ જાય ત્યાં સુધી વારંવાર શ્રી નવકારમંત્ર ગણવાનું વિધાન છે.

શ્રી અરિહંતપદના ધ્વનિની સાથે જ અંતઃકરણમાં એવો પડઘો ઉઠવો જોઈએ કે-પ્રાણીમાત્રના પૂજનીય, સુરેન્દ્રોના સેવનીય, દેવેન્દ્રોના દર્શનીય, યોગીન્દ્રોના આદરણીય, મુની-

ન્દ્રોના માનનીય અને નરેન્દ્રોના નમસ્કરણીય જેવા સર્વોત્કૃષ્ટ અને સાર્વભૌમ ચક્રાધીશ્વર કે સર્વેશ્વર આપ છો.

આપ મારા સ્વામી છો, હું આપનો સેવક છું, આપ મારા દેવ છો, હું આપનો દાસ છું, આપ મારા પ્રભુ છો, હું આપના પગની રજ છું, આવા પ્રકારનો સ્વામિ-સેવક ભાવનો ગાઢ સંબંધ જોડવાથી અનુભવજ્ઞાનના અંતર પડલ ખૂલ્યા સિવાય રહેશે નહિં.

નવકાર શું કામકુંભ છે? અથવા ચિંતામણિરત્ન છે? કે શું કલ્પવૃક્ષ છે? ના! ના! તેથી અધિક છે. કારણ કે કામકુંભ, ચિંતામણિ રત્ન અને કલ્પવૃક્ષ એક જન્મમાં સુખ આપનાર છે પણ નવકાર તો એથી વિશેષ સ્વર્ગ અને મોક્ષને આપનાર છે. શ્રી નવકાર જૈનશાસનનો સાર છે અને ચૌદપૂર્વમાંથી ઉદ્ધાર કરેલો છે. જેના મનને વિષે નવકાર છે તેને સંસાર શું કરનાર છે? કંઇ નહીં.

નવકાર જ મારું જીવન-સર્વસ્વ છે. નવકાર જ મારા માતા છે. નવકાર જ મારા પિતા છે નવકાર જ મારા બંધુ છે, નવકાર જ મારા સ્વજન છે, નવકાર જ મારા મિત્ર છે, નવકાર જ મારા જન્મોજન્મના ઉપકારી છે. નવકાર જ મારા ગુરુ છે અને નવકાર જ મારા એક માત્ર તારક છે.

પંચ પરમેષ્ઠિ કેમ બન્યાં?

કોઈપણ જીવ પાપ ન કરો. કોઈપણ જીવ દુઃખી ન થાઓ, જગતના સઘળાએ જીવો મુક્ત થાઓ, આવી

મૈત્રી આદિ ભાવનાના [illegible] સંપૂર્ણપણે સમજી શકયા હતા પણ જીવી શકયા ન હતા. હું પોતે અભય બનું અને જગતના સઘળાએ જીવોને અભય આપું, જગતના સઘળાએ જીવોને સઘળા જીવો સાથે મૈત્રીભાવ બંધાવું, અખિલ ચૌદરાજ લોકના આત્માના દુઃખ મીટાવું, ચોરાશી લાખ યોનિના સઘળાએ જીવોના સઘળાએ પાપ સ્થાનક બંધ કરું. વિશ્વના તમામ જીવોની આર્તતા, રૌદ્રતાના અગ્નિસંસ્કાર કરું, જગતના તમામ આત્માને અનંત જ્ઞાન—દર્શન—ચારિત્રની ટંકશાળ બનાવું. આવી ભાવનાને આત્મસાત્ કરવા માટે સાધુ થયા, વિકાસ કરતા કરતા ઉપાધ્યાય ભગવંત બની સૂત્રોના રસ પાયા, આચાર્ય થઈ સંઘની નાવ ચલાવી, તીર્થંકર થઈ ત્રણે કાલના સઘળા પર્યાય જાણી સંઘની સ્થાપના કરી. સિદ્ધ ભગવંત બની આપણને અવ્યવહારરાશિમાંથી વ્યવહારરાશિમાં મૂકયા.

એ પંચપરમેષ્ઠિનું સ્મરણ કરતા હૈયું નાચી ઉઠે છે. મન ડોલી ઉઠે છે. આત્મા ટહુકી ઉઠે છે. જીવન ઝળહળી ઉઠે છે.

અનંત મંગલરૂપ શ્રી નવકાર મહામંત્ર

ચૌદરાજલોકમાં ભોગ-એઠવાડની ભીખનું છાપનીયું લઈ ફરતા, અહંની આંધીમાં અટવાતા, માયાની જાળમાં ગુંથાતા પામરતાના પીંજરામાં પૂરાતા, સ્વાર્થની સગડીમાં સેકાતા, ગજરાજની સુંઢમાં કોળીઆ થતા જીવે અનંત જન્મ, મરણ,

ય; શોક, દુઃખ, રીબામણુ, આધિ, વ્યાધિ, ઉપાધિ પ્રાપ્ત
રી છે.

નમો અરિહંતાણં, ના સાત અક્ષરો સાત ભયને નાશ
રે છે, પછી તેને જગતમાં કોઈ ભય રહેતો નથી.

પંચપરમેષ્ઠિની ભક્તિરૂપી મહારસાયણુ પીતા સ્વાર્થ-
ાસનાના ચેપી વળગાડો નાશ પામે છે.

પંચ પરમેષ્ઠિની ગોદમાં બેસતા નિષ્કંપતા, અભયતા,
મરતા, અજરતા, પ્રાપ્ત કરાય છે.

પંચ પરમેષ્ઠિને હૃદયમાં ધારણુ કરતા 'મારું એ
ાચું''નું ઝેર નિકાસ થાય છે. અને 'સાચું એ મારું 'નું
મૃત આયાત થાય છે.

કલ્પવૃક્ષ, ચિંતામણિ, કામધેનુ, કામકુંભ મલ્યા પછી
ળની કિંમત સમજનારો, કાદવને કિંમતી માનનારો, જગ-
માં હીલનાપાત્ર બને છે.

તેમ પંચ પરમેષ્ઠિને, પ્રાપ્ત કર્યો પછી બૈરા, છોકરા
ન, સંપત્તિ, મોટર, ગાડી, ટેલીફોન, રેડીયા, નાટક, સિનેમા,
ર્નીચર, બંગલાની ઇમારતો રૂપી ધુળ-કાંકરાને કિંમતી
હેનારા મહાપુરુષોની દૃષ્ટિએ તો દયાને પાત્ર બને છે,
પકાને યોગ્ય કહેવાય છે.

અનાદિકાલથી વિષયવાસિત આત્મા પોતાની ઇષ્ટસિદ્ધિ
ાટે સહુ કોઇને નમ્યો છે, શેઠને નમ્યો, સ્વજનને નમ્યો,

પરંતુ કમભાગી એવો તે અરિહંતને ન નમ્યો તેથ રિબાઈ રહ્યો છે. સ્વાર્થની આંધતામાં રીમબાઈ રહયો છે, પરંતુ તેને ખબર નથી કે સર્વ મંગલને આપનાર, સર્વ દુઃખને નાશ કરનાર, વાત્સલ્યભાવનાના ભંડાર, પંચ પરમેષ્ઠિને નમતાં હૃદયમંદિરે આનંદના કેં-કારો થાય છે. અમીભાવનાના વાજિંત્રો વાગે છે હર્ષની ખંજરીઓ વાગે છે. ઉર્મીના નિનાદો આત્માને ભરી દે છે વધુ શું કહેવું ? પંચપરમેષ્ઠિઓને પ્રાપ્ત કરનારાઓના હૃદયમાં મૈત્રી ભાવનાના દીપક પ્રગટ થાય, પ્રમોદ ભાવનાની ઘુઘરીઓ વાગે, કારુણ્ય ભાવનાના ઠમકારા થાય, માધ્યસ્થ ભાવનાના ઘંટો વાગે.

આત્મપ્રેમીઓને થાય છે કે મારું જીવન શુભભાવ ગગનમાં ઉડ્ડયન માંગે છે. જીવનની શુદ્ધ ભૂમિકા માંગે છે સમતાની શુદ્ધ હૃદયતા માંગે છે, ભૌતિક વસ્તુની ભુખ ભાંગવાનું માંગે છે, સર્વ જીવો પ્રત્યેની ઉદારતા માંગે છે. આ બધા ગુણોનું પ્રાપ્તિકરણ-વશીકરણ કરવું હોય તો પંચ પરમેષ્ઠિનું ધ્યાન, પૂજન, અર્ચન, આજ્ઞા, અનુષ્ઠાનોની બલવત્તર જરૂર છે.

લોહચુંબકથી જેમ લોહ ખેંચાઇને આવે છે, તેમ મહામંત્ર નવકારથી સર્વ ગુણો ખેંચાઇને આવે છે.

આત્મસાધનાર્થે કરેલી નમસ્કાર મહામંત્રની સાધનાથી જીવન શુદ્ધ બને છે. વિશુદ્ધ બને છે. શુદ્ધતર અને શુદ્ધતમ બને છે.

ત્માઓનું સ્મરણ, વંદન, અર્ચન કરવાનું સદ્ભાગ્યપૂ
નમસ્કાર મહામંત્ર ગણવાથી મળી જાય છે.

જીવનની સાચી ઉપયોગિતા ગાદી-તકીયાના તાગડ
ન્નામાં નથી, અવનવી ખાવા-પીવાની ખોજમાં નથી, કે
આરામ કરવાના કોચ, સોફામાં નથી. બંગલા, બગી
અને હીલીછમ વાડીમાં નથી. ફેન્સી સીલ્કની સાડીમાં ન
નાયલોન રેવોન ટેરેલીનના કાપડમાં નથી, બુશર્ટ અને
મરવામાં નથી, મોટરમાં ફરવામાં નથી. સફેદ બગલા જે
પોતીયાના ઉપભોગમાં નથી, ખાન-પાનમાં નથી, મા
પાનના ટેસમાં નથી, માનપાનના ઘેનમાં નથી.

જીવનનો સાચો આનંદ, કર્તવ્ય, સાત્વિકપણું તો અ
[illegible], [illegible], [illegible], અવ્યાબાધ સુખ મેળવવામાં
અને તે મળે છે પંચપરમેષ્ઠિની ભક્તિથી જ.

મેઘના અવાજથી મોરો નાચે છે તેવી રીતે મૈત્રી આદિ ભાવનાના આચરણથી આત્મ–મયૂર થનગની ઉઠે છે. ખીલ-ખીલાટ કરી મૂકે છે.

સિદ્ધ ભગવંતના સુખો જેણે જાણ્યા છે તેને આ સંસારના કઠોર સુખોમાં મજા ન આવે, બંગલાઓની જેણે મોઝ માણી છે તેને ખાડામાં રહેવું પસંદ ન પડે. મેવા–મીઠાઇ જેને મળતા હોય તે લુખા ભોજન શેના આરોગે ? નવ-લખાનો હાર–કોહીનૂર જેને મલતો હોય તે કાંકરામાં શેના મોહાય ? માનસ સરોવરના હંસને ગંદા ખાબોચીયામાં રહેવું ગમે ખરું ? તેમ જિનશાસનનો પ્રેમી ક્ષણિક સુખોમાં ન લપટાય, તેની મીટ તો શાશ્વત સુખ તરફ હોય, તે મલે નમસ્કારમહામંત્રના ધ્યાનથી જ.

હિમાલયના એવરેસ્ટ પર ચાલીને જવું હોય તો કેટલી મહેનત જોઇએ ! તેમ સિદ્ધ–શૈલેશમાં જવું હોય તો કેટલી મહેનત જોઇએ, તો તેના કરતા ઘણી મહેનતની જરૂર છે. અને તેના માટે સર્વવિરતિ, તે ન બને તો દેશવિરતિની ઝળહળતી આરાધના વધારવી પડશે. રાગ–દ્વેષને પાતળા કરવા પડશે. દ્વેષને કાઢવા માટે મૈત્રી, પ્રમોદ, કારુણ્ય, માધ્યસ્થ ભાવનામાં મગ્ન થવું પડશે, રાગને કાઢવા અનિત્ય આદિ બાર ભાવનાઓમાં ઓતપ્રોત બનવું પડશે.

નમો એ બંધ છે. અરિહંતાણું આદિ તેના સુયોગ્ય વળાંક છે. તેમાંથી શાશ્વત સુખનો પાક થાય છે.

પ્રભુ-દર્શન કરવાની પ્રાર્થના : પ્રભુને શું કહેવું?

('દિવ્યદર્શન'માંથી)

નમો જિણાણં, નમો જિણાણં; નમો જિણાણં.

હે પ્રભુ ! આપનું દર્શન કરી આજે હું ધન્ય બન્યો છું. મારાં કેવા અહોભાગ્ય કે આ સમગ્ર વિશ્વમાં અત્યંત દુર્લભ એવા આપનું મને અહીં દર્શન મળ્યું. હે તરણ-તારણ ! આપનાં દર્શનથી મારું જીવતર સાર્થક થયું.

હે નાથ ! આપનું દર્શન પામ્યાનો મને અપાર હર્ષ છે, વર્ષાઋતુમાં મેઘના દર્શન અને ગર્જનાએ જેમ મયૂરો નાચી ઉઠે છે, એમ હે પરમદયાળુ ! આપના દર્શન અને વાણીએ મારું હૈયું થનગન નાચે છે. કેમકે આ જગતમાં આપનાથી વધીને જોવા લાયક કોઈ ચીજ નથી, કોઈ વ્યક્તિ નથી. આપ તો અનન્ય કોહિનૂર હીરા જેવા છો. મારા નાથ ! મારે આપને છોડીને બીજે કયાં ઠરવાનું હોય ?

હે જગદ્વલ્લભ ! મારું મન આપના ચરણમાંજ લીન બની જાઓ. આપ મારા હૃદયમંદિરમાં બીરાજો. આપનું જીવન એવા અનુપમ ગુણો, અનુપમ સાધનાઓ, અને અનુપમ પરોપકારથી મઘમઘતું છે કે આપ મારા હૃદયે વસી જવાથી મને એ આપના ગુણો, સાધનાઓ અને ઉપકારોની ભારોભાર અનુમોદના રહો, પક્ષપાત રહો, મને એની પ્રાપ્ત થાઓ.

હે વિશ્વેશ્વર ! આપની જન્મ-અવસ્થા, તથા રાજ્ય-

અવસ્થા અને શ્રમણ-અવસ્થા, એ ત્રણ પિંડસ્થ અવસ્થા, પછી તીર્થંકરપદે રહ્યાની પદસ્થ અવસ્થા તથા અંતે રૂપાતીત (મોક્ષ) અવસ્થા કેવા કેવા ગંભીર ભાવોથી ભરેલી છે ! દા.ત.

(૧) હે ત્રિલોકનાથ ! આપ અહીં જન્મતાં જ ૫૬ દિક્કુમારીઓએ આપને હુલરાવ્યા, અને મેરૂશિખર પર ૬૪ ઇન્દ્રોએ આપનો જન્માભિષેક ઉજવ્યો. આવાં મહાસન્માન મળવા છતાં આપને લેશમાત્ર અભિમાન ન થયું કે આ મળવાથી હરખ ન ઉભરાયો. ત્યારે આપના નિરભિમાનતા અને સ્વસ્થતા-ગંભીરતા ગુણ કેવા !

(૨) હે મહામના ! યુવાવસ્થામાં તમામ દુન્યવી સાહ્યબીઓ,-જેવી કે મોટી રાજ્ય-સંપત્તિ, ક્રોડોનો ખજાનો, રાજવીકુળની રૂપરમણીઓ, પરિવાર, સત્તા-ઠકુરાઈ, ઉપરાંત અદ્ભુત રૂપ કાંતિ વિગેરે,-આપના ચરણમાં આળોટતાં ! છતાં આપ એમાં જળ-કમળવત્ તદ્દન નિર્લેપ રહ્યા. ક્યાંય આપને રાગ-આસક્તિ થઈ નહિ. આપનો આ કેવો મહાન અનાસક્તપણાનો અદ્ભુત ગુણ !

(૩) હે અંતર્મુખ વીર ! આ ભવે મોક્ષ પામવાનું નિશ્ચિત છતાં આવા પણ લચબચતા વૈભવ-વિલાસને સંપૂર્ણ તિલાંજલિ આપીને આપે કેવો કઠોર સર્વવિરતિ ચારિત્ર-માર્ગ અપનાવ્યો ! કેવો મહાત્યાગનો ગુણ ! એમાંય કઠોર તપસ્યાઓ કરી, તે ય રાત દિવસ ખડા ખડા ધ્યાનમાં રહીને ! એ પણ ડાંસ-મચ્છર-કડકડતી ઠંડી વગેરે ઉગ્ર

આપની આગળ કંઈ નથી. અનંત અનંત કાળથી મિથ્યાત્વ મોહની જડતાથી બીડાઈ રહેલા ભવ્યાત્મારૂપી કમળોને વિકસ્વર કરનારા આપ અનંતજ્ઞાનના પ્રકાશમય અનન્ય સૂર્ય બન્યા. આપની આગળ દુનિયાના અસંખ્ય સૂર્ય વિસાતમાં નહિ.

(૫) ત્યારે હે ત્રિભુવનતારક ! આપે જે અંતે મોક્ષ પામી રૂપાતીત અવસ્થા પ્રાપ્ત કરી, એની કેવી અતુલ ભવ્યતા ! ત્યાં કોઈ શાતા નહિ, અશાતા નહિ, પણ અનંત સુખ. મોક્ષમાં કોઈ માન નહિ, અપમાન નહિ; હર્ષ નહિ, ખેદ નહિ, યશ નહિ, અપયશ નહિ....આમ, સમસ્ત દ્વંદ્વોથી રહિત કેવી સત્‌ચિદ્‌આનંદમય અને શુદ્ધ-બુદ્ધ-મુક્ત અવર્ણનીય શાશ્વત સ્થિતિ !

હે પરમાત્મા ! આવો તું મને નાથ મળ્યો, સ્વામી મળ્યો, માર્ગદર્શક ઉદ્ધારક મળ્યો, એ મારા ભાગ્યની અવધિ નથી. આજ તારાં દર્શને મને જે અમાપ આનંદ થાય છે, એની આગળ સ્વર્ગીય આનંદ પણ ફિક્કા છે. મારા અંતરાત્મામાં ઉગેલા કર્મોના ઝુંડ તારા દર્શનના અપાર આનંદથી સળગી સાફ થઈ જવાના. મોહની ઘોર નિદ્રામાં સૂતેલા અમને આજ તારું દર્શન જગાડીને જ્ઞાન અને વૈરાગ્યની નવચેતના આપી રહ્યુ છે. પ્રભુ ! કોટિ કોટિ વંદન તને !

અરિહંતો મહ દેવો, જાવજ્જીવં સુસાહુણો ગુરુણો ।
જિણપન્નત્તં તત્તં, ઇઅ સમ્મત્તં મએ ગહિઅં ॥
શિવમસ્તુ સર્વજગતઃ, પરહિતનિરતા ભવંતુ ભૂતગણાઃ ।

તથા કથન આપણી નજર-સમક્ષ તરવરવા લાગે છે.

બીજી રીતે કહીએ તો' 'મૂર્તિ' એ મનને સ્થિર કરવાનું અને પવિત્ર કરવાનું પ્રબલ નિમિત્ત છે, તેથી પુષ્ટ આલંબન છે.

આ પ્રકારના પુષ્ટ આલંબન સિવાય ધ્યાનમાં પ્રગતિ સંભવતી નથી. વળી જે પ્રકારની મૂર્તિ હોય તે જ પ્રકારના ભાવોથી મન વાસિત થાય છે એટલે મૂર્તિના સ્વરૂપનો વિચાર કરવો અનિવાર્ય છે, અર્હંત્ અને સિદ્ધ આરાધ્ય હોઇ તેમનાં બિંબો પૂજાને યોગ્ય ગણાય છે.

ભગવાન ઉપર લક્ષ રાખવું

ગાય આખો દિવસ ચારો ચરવા બહાર ફરે છે પણ તેની સુરતા-તેનું, ધ્યાન ઘેર રહેલ બાળ વાછરડામાં જ હોય છે. તથા પનિહારી માથે બેડું રાખી અન્ય સખીઓ સાથે વાતો કરે છે, હસે છે, હાથતાલી દે છે, છતાં તેનું લક્ષ તો મસ્તકપરની ગાગરમાં હોય છે, વળી નટ ઉંચે ચડી દોર ઉપર ચાલે છે કે નાચે છે તે પણ સાધ્યબિંદુ ઉપર તદાકાર બનીને જ કરે છે. આ પ્રમાણે મનુષ્ય પણ સર્વ ક્રિયા કરવા છતાં લક્ષ ભગવાનમાં રાખે તો સાધ્ય કેટલું નિકટ આવે ? માટે ભગવાન ઉપર લક્ષ રાખવું.

તીર્થંકર ભગવંતની પ્રતિમાની ઉપાસના

(પ્રતિમાશતકમાંથી)

હે ભવ્ય પ્રાણીઓ ! જો તમારે મોક્ષસુખ પ્રાપ્ત કર-

વાની ઈચ્છા હોય તો તમે શ્રી તીર્થંકર ભગવંતની પ્રતિમાની ઉપાસના કરો.

જે પ્રતિમા મોહરૂપી દાવાનલને શમાવવામાં મેઘની વૃષ્ટિ રૂપ છે, સમતારૂપ પ્રવાહમાં ઝીલવા માટે નદી છે. તે પ્રતિમા સત્પુરુષોને વાંછિત આપવામાં કલ્પલતા છે. અને જે સંસારરૂપી ઉગ્ર અંધકારનો નાશ કરવામાં સૂર્યની તીવ્ર પ્રભારૂપ છે.

(૧) હે સર્વદુઃખથી રહિત પ્રભુ! હે સદા આનંદમ નાથ! તમારી મૂર્તિને જોઈ જોઈને હું મારા હૃદયમાં વિશ્વાસ મેળવી અવ્યય, અવિનાશી એવા હર્ષને પ્રાપ્ત થયેલો છું. હે મનુષ્યના હિતકારી પ્રભુ! તે આપની પ્રતિમા અભયદાન સહિત ઉપાધિ વગર વધતા ગુણસ્થાનકને યોગ્ય એવી દયાનું પોષણ કરે છે.

(૨) હે પ્રભુ! તમારું બિંબ હૃદયમાં ધારણ કરવાથી બીજું કોઈ રૂપ હૃદયમાં સ્ફૂરાયમાન થતું નથી. અને તમારા રૂપનું સ્મરણ થતાં પૃથ્વીમાં બીજા કોઈ રૂપની પ્રસિદ્ધિ થતી નથી. તે માટે "તું તે હું" એવી અભેદબુદ્ધિના ઉદયથી "યુષ્મદ્ અને અસ્મદ્" પદનો ઉલ્લેખ પણ થતો નથી, અને કોઈક અગોચર પરમ ચૈતન્યમય જ્યોતિ અંતરમાં સ્ફૂરાયમાન થાય છે.

(૩) હે પ્રભુ! પાપનો ક્ષય કરનારું, ઉત્તમપદદાયક અને ફેરરહિત એવું અપ્રતિપાતિ ધ્યાન જ્યાં સુધી પ્રગટ થાય ત્યાં સુધી મારા હૃદયમાં તમારું રૂપ અનેક પ્રકારે

જ્ઞેયાકારરૂપે પરિણામ પામો, જે આનંદઘનમાં ત્રિકાલસંભવી અને સર્વ તરફથી થયેલું સુર–અસુરનું સુખ અનંતમા ભાગે પણ ઘટતું નથી.

(૪) હે જિનેન્દ્ર ! ઉત્તમ પુરુષોના વૃંદોએ નમસ્કાર કરેલ અને મુક્તિરૂપ લતાના કંદ સમાન એવી તમારી પ્રતિમા કે જેને દેવતાઓએ મંદારવૃક્ષના પુષ્પસમૂહવડે પૂજેલી છે. અને જે ઉગ્ર રોગને શોષણ કરનાર સ્નાત્રજલરૂપ અમૃતના ઝરણથી સર્વ જગતની રક્ષા કરે છે તે પ્રતિમાને અમે પરમઆનંદ (મોક્ષ) ને અર્થે વંદના કરીએ છીએ.

જેમ ભ્રમર પ્રફુલ્લિત માલતીને છોડે નહિ અને જેમ હાથી મનોહર રેવા નદીને છોડે નહિં, જેમ કોકિલપક્ષી વસંત ઋતુમાં સૌંદર્યવાળી આમ્રવૃક્ષની મંજરીને છોડે નહિ અને જેમ સ્વર્ગપતિ ઈન્દ્ર–ચંદનવૃક્ષોની સુંદર એવી નંદનવનની ભૂમિને છોડે નહીં, તેમ હું શ્રી તીર્થંકર ભગવંતની પ્રતિમાને મારા હૃદયમાંથી ક્ષણવાર પણ છોડતો નથી.

(૫) હે પ્રભુ ! અનિમેષ દૃષ્ટિ વડે નિરંતર દર્શન કરવા યોગ્ય આપના રૂપને એકવાર જોયા પછી મનુષ્યની દૃષ્ટિ બીજે કોઇ સ્થળે સંતોષ પામતી નથી. ચંદ્રોના કિરણોના જેવા ઉજ્જ્વલ ક્ષીરસમુદ્રનું જલપાન કર્યા પછી લવણસમુદ્રનું ખારું પાણી પીવાની કોણ ઇચ્છા કરે ? અર્થાત્ કોઈ ન કરે.

(૬) ત્રણ ભુવનમાં અદ્વિતીય અલંકારરૂપ હે પ્રભુ ! શાંતરસની કાન્તિવાળા જે પરમાણુઓ વડે તમારું શરીર

બન્યું છે તે પરમાણુઓ પૃથ્વી પર તેટલા જ છે. કારણ કે આપની સમાન કોઈમાં પણ એવી સુંદરતા નથી.

(૭) હે જગત્‌નાઅધિપતિ ! હે પ્રભુ ! જેણે અન્ય કાર્યો દૂર કર્યો છે. અને ભક્તિવડે ઉલ્લાસ પામતા રોમાંચિત શરીરવાળા પ્રાણીઓ પૃથ્વીને વિષે તમારા ચરણ યુગલને વિધિપૂર્વક ત્રણે કાળ પૂજે છે તેઓ જ ધન્ય છે. તેમનો જ જન્મ સાર્થક છે.

(૮) હે નાથ ! ઘણા કાળથી સંચિત કરેલી તમારા ચરણકમલની ભક્તિનું કાંઇ પણ ફળ હોય તો હે શરણ કરવા લાયક પ્રભુ ! માત્ર એક તમારા જ શરણવાળા એવા મારા આ ભવમાં અને બીજા ભવમાં પણ તમે જ સ્વામિ થજો.

દાદાજી આગળ બોલવાની સુંદર ભાવના

હે મારા વ્હાલા દાદા ! આપ તો કરુણા રસના ભંડાર છો. આપનું લલાટ અષ્ટમીના ચંદ્ર જેવું શોભે છે. અને આપનું મુખ શરદપૂર્ણિમાના ચંદ્ર જેવું છે. આપના હસ્ત કમલ અને ચરણ કમલમાં ઉદાર એક હજાર ને આઠ લક્ષણો શોભે છે. આપની મૂર્તિ ઇન્દ્ર, ચન્દ્ર સૂર્ય, મેરુ પર્વત વિગેરેના ઉત્તમ ગુણો વડે નિર્માણ કરાયેલી છે.

વળી આપ સૂર્યથી અધિક તેજસ્વી છો, ચન્દ્રથી અધિક શીતલ છો, મેરુથી અધિક-અચલ છો, સમુદ્રથી અધિક ગંભીર છો, ચિંતામણિરત્નથી અધિક મનવાંછિત

પૂરનાર છો, કામકુંભ, કામઘટ તથા કામધેનુથી અધિક મોક્ષસુખને આપનાર છો. જગતમાં કોઇ એવી ઉપમા નથી જે આપની તુલ્ય થાય.

વળી અરિહંતપણાથી આપ ચોત્રીશ અતિશયવાળા, પાંત્રીશ વાણીના ગુણોએ સહિત, આઠ મહાપ્રાતિહાર્યોએ સુશોભિત છો, ત્રણ છત્ર આપના ઉપર ઝળહળે છે. ચામરો વિંઝાય છે. દેવતાઓ દુંદુભિનો નાદ કરી રહ્યા છે. જે ભાગ્યશાળી આત્મા હોય તે આપના દર્શન સાક્ષાત્ કરી શકે છે.

વળી સિદ્ધપણાથી અનંતજ્ઞાન વાળા, અનંત દર્શનવાળા અવ્યાબાધ ગુણવળા, અનંત સુખવાળા, અક્ષયસ્થિતિવાળા, વળી અશરીરી છો, અરૂપી છો અને અનંત વીર્યવાળા છો.

વળી હે દીનાનાથ! આપનામાં ક્રોધ નથી, માન નથી, માયા નથી, લોભ નથી, રાગ નથી, દ્વેષ નથી, મોહ નથી, અજ્ઞાનતા નથી. સર્વદોષથી મુક્ત છો અને અનંતગુણના ભંડાર છો.

હે જીવિતેશ્વર પ્રભુ! આપનું નામસ્મરણ કરવાથી પણ પાપ નાશ પામે છે તો વળી આપના સાક્ષાત્ દર્શન કરવાથી મને પરમ આનંદ થાય છે, તેથી મારા રોમે રોમ ખડા થયા છે વધારે શું કહું?

હે પ્રભુ! આપ મારા સ્વામિ છો, હું આપનો સેવક છું. આપ મારા ગુરુ છો, હું આપનો શિષ્ય છું. આપ મારા પિતા છો, હું આપનો પુત્ર છું. આપ મારા શેઠ છો, હું

આપનો નોકર છું. આપ મારા ધ્યેય છો. હું આપનો ધ્યાયક છું.

આપ મારા સર્વસ્વ છો. મારું જીવન આપના ચરણે અર્પણ કરું છું. મને ભવોભવને વિષે આપનું શરણું હોજો અને મને ભવોભવને વિષે આપના દર્શન મળો અને આપની આજ્ઞા પ્રમાણે વર્તન કરું એવી ભવોભવને વિષે મને બુદ્ધિ મળો.

હે જગદ્વત્સલ પ્રભુ ! મારો આ મનુષ્યજન્મ આપના દર્શનથી સફળ થયો, આ વર્ષ, માસ, પક્ષ, દિવસ અને ઘડી આજે સફળ થયા, આજે મારે પુન્યરૂપી કલ્પ-વૃક્ષ ફળીભૂત થયો.

હે લોકાલોકના પ્રકાશ કરનારા પ્રભુ ! આપના દર્શનથી પૂર્વે મેં જે સુકૃત કર્યા હતા તે આજે ફળીભૂત થયા અને આજે મારા સઘળા ભવોભવના પાપો ધોવાઇ ગયા.

હે દયાસિંધુ ! હે કૃપાલુ ભગવાન ! મારામાં જે દોષો છે-ક્રોધ, માન માયા, લોભ, રાગ, દ્વેષ મોહ, અજ્ઞાનતા, ઈર્ષા, અદેખાઇ વગેરે અઢારે પાપસ્થાનકો આપના દર્શનથી નાશ પામો અને મૈત્રી, પ્રમોદ, કરૂણા, માધ્યસ્થતા વિગેરે ગુણો પ્રગટ થાઓ.

હે જગજીવન પ્રભુ ! મારામાં સર્વ જીવો પ્રત્યે સમભાવ ઉત્પન્ન થાઓ. સર્વ જીવો દુઃખથી મુક્ત થાઓ. સર્વ જીવો સુખી થાઓ, સર્વ જીવોનું કલ્યાણ થાઓ, એવી ભાવના આપની કૃપાથી હંમેશા રહો, એમ ઈચ્છું છું.

હે અશરણના શરણ પ્રભુ! આપ જ્ઞાનમૂર્તિ, તેજોમૂર્તિ, સ્વયંભૂ, સ્વયંબુદ્ધ અને સહજાનંદથી પરિપૂર્ણ છો, વળી હે સ્વામિ! આપ ત્રણ લોકમાં સુખ કરનાર શંકર છો. ત્રણ જગતમાં વ્યાપક વિષ્ણુ છો, બ્રહ્મચર્યથી પરમબ્રહ્મ છો. પાપરૂપ પીડને હરનાર છો.

હે દેવાધિદેવ! આપ લક્ષ્મીનાથ, જગન્નાથ, ધર્મનાથ અને દયાનિધિ છો. વળી હે જિનેન્દ્ર! આપ તો ત્રણલોકના આધાર છો, દયાના આપ અવતાર છો, દુરંત સંસારરોગને શાંત કરવામાં વૈદ્ય સમાન છો.

વળી સર્વ સામર્થ્યવાન ઇશ્વર છો, પાલન કરનાર પિતા છો, દયાના વિશાળ સાગર છો, પ્રાણીમાત્રના કલ્યાણકર્તા છો, સર્વ જગતનું રક્ષણ કરનાર રક્ષક છો, સર્વ કોઇને પૂજનીય છો અને નમનીય છો અને માનનીય છો. સત્પુરુષને વંદન કરવા યોગ્ય છો અને આ ઘોર સંસારમાં નાવ તુલ્ય છો. આપે સમગ્ર દોષને દૂર કર્યા છે, આપ જન્મ-જરા-મરણથી વર્જિત છો, જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ રત્નત્રયીના ભંડાર છો, આપના દર્શનમાત્રથી જ મનુષ્યના પાપ પ્રલય થાય છે.

હે ત્રિલોકનાથ! આપનો કેટલો બધો ઉપકાર માનું, આપે જબરદસ્ત સત્પુરુષાર્થથી અરિહંત થઈ મને અરિહંત તરીકે દર્શન આપ્યા, આપ અરિહંત ન થયા હોત તો મને આ દર્શન ક્યાંથી મળત? અરિહંત થવાની પ્રેરણા શી રીતે મળત? માટે હે પરમાત્મા! આપનો સેવક હું સંસારથી

